**સુવિચાર**

"નિષ્ફળતાઓને ધરબીને પગથિયા બનાવી દો. એ સફળતાની સીડી બની જશે."

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૮/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ-૬ વર્ષ : ૧૭ અંક : ૨૦૯


## અમરેલી જિલ્લાને આઝાદીનાં ૮૦માં વર્ષે સુપર સ્પીડ ટ્રેનની સુવિધા મળી

# આનંદો : સાબરમતી–ચિતલ–વેરાવળ રૂટની 'વંદે ભારત' ટ્રેનનો પ્રારંભ

**ચિતલ ખાતે રાજયમંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા અને ધારાસભ્ય કસવાલાએ ટ્રેનનું કર્યુ સ્વાગત**

**અમરેલી પંથકનાં મુસાફરો માત્ર ૪ કલાકમાં અમદાવાદ અને ૩ કલાકમાં વેરાવળ પહોંચી શકશે**

**સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોએ વંદે ભારત ટ્રેનનું ઉમળકાભેર સ્વાગત કર્યુ**

**આગામી દિવસોમાં વેરાવળ–હરિદ્વાર ટ્રેનનો સ્ટોપ વડિયા–ચિતલ–લાઠી આપવાની નેમ : સાંસદ**



અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાના ચિતલ રેલવે સ્ટેશન ખાતે શ્રાવણના પ્રથમ સોમવારે સાબરમતી–વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું સ્ટોપેજ મળતા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, જિલ્લા પંચાયતના અધ્યક્ષ દક્ષાબહેન ચોડવડિયા સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી વંદે ભારત એક્સપ્રેસને ચિત્તલથી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે ઉર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા સાબરમતી–સોમનાથ વંદે ભારત એક્સપ્રેસનો રૂટ બદલીને બોટાદ અને અમરેલી જિલ્લાને લાભ મળે તે રીતે આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં વંદે ભારતનું સ્ટોપેજ કયા સ્થળે આપવામાં આવે તે અંગે મંથન કર્યા બાદ ચિતલ ખાતે સ્ટોપેજ આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતના માત્ર પાંચ દિવસમાં કેન્દ્રીય રેલવે મંત્રીએ ચિતલને વંદે ભારત એક્સપ્રેસનું સ્ટોપેજ આપ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચિતલ પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. જિલ્લામાં ચિતલ એકમાત્ર એવું ગામ છે જયાં સરકારની મંજૂરીથી બે પૂલ તૈયાર કરવામાં આવ્યા છે. ચિતલનો સનેડો ઉદ્યોગ સમગ્ર રાજયમાં પોતાની આગવી ઓળખ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## શ્રી સોમનાથ મહાદેવનો ભસ્મ તથા લાલ પુષ્પોથી આલૌકિક શ્રૃંગાર



પવિત્ર શ્રાવણ માસની સુદ ચોથના પ્રસંગે આદિજયોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને ભસ્મ અને લાલ પુષ્પો વડે ભાવવિભોર શ્રૃંગાર કરાયો. એક તરફ ભસ્મથી આભૂષિત સોમેશ્વર, જે સૃષ્ટિના આરંભ અને અંતના શાશ્વત પ્રતિકરૂપ છે, બીજી તરફ જીવનના સૌ રંગ અને મોહનું પ્રતિક બનેલા લાલ પુષ્પો મહાદેવના ચરણોમાં અર્પણ કરાયા. ભસ્મ જાણે સંદેશ આપે છે કે આ જગતમાં બધું ક્ષણભંગુર છે, માત્ર શિવ જ શાશ્વત છે. બીજી બાજુ, લાલપુષ્પો જીવનની લાલસા અને મોહને દર્શાવે છે. આ એક અદ્‌ભુત સંગમ છે જયાં ભસ્મનું વૈરાગ્ય અને લાલ પુષ્પોનું અનુસંધાન એક જ દિવ્ય સ્વરૂપમાં એકરૂપ બને છે. આ મહાદેવનું તે રૂપ છે જે સંદેશ આપે છે કે જીવન અને મૃત્યુ, વૈરાગ્ય અને પ્રેમ બધું એક જ પરમ સત્યમાં સમાયેલ છે, જેને ભક્તો કહે છે 'ૐ નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર' આજે પીળા પૂષ્પો અને ગુલાબ મળી ૧૦૧ કિલોથી વધુ પુષ્પોથી સોમનાથ મહાદેવને પૂજારી દ્વારા શૃંગારીત કરવામાં આવેલ.







**ડોક્ટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ**

**ડો. વિરલ વસાણી** – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન
મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત
તા. ૨૦/૦૮/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧

**ડો. આશુતોષ દુધાત્રા** – ન્યુરો ફીજીશ્યન
મગજના રોગોના નિષ્ણાંત
તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવારે, સવારે ૧૧ થી ૧

**ડો. જય વિઠલાણી** – કાર્ડિયોલોજીસ્ટ
હ્રદયરોગ નિષ્ણાંત
તા. ૨૧/૦૮/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

**ડોક્ટર હાઉસ અમરેલી** કાયમી કન્સલટન્ટ

ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા

**અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ**

ડો. ઉત્સવ ઉનડકટ
ડો. કોમલ વ્યાસ ઉનડકટ








## ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.

'ભોજલરામ ભવન', રાજમહેલ રોડ, હેડ–ઓફિસ, અમરેલી. ફોન નં. ૦૨૭૯૨–૨૨૨૬૦૧
ઈ–મેઈલ : ho@ajms.bank.in - વેબસાઈટ :- www.ajms.bank.in

અજીમસ બેંક/એસ્ટા/૧૮૦૩૪/૨૦૨૬–૨૭ તારીખ : ૧૭/૦૮/૨૦૨૬

**સૂચનાપત્ર**

ધી અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૬ મી વાર્ષિક સાધારણ સભા આગામી **તા.૦૯/૦૯/૨૦૨૬ ને બુધવારના રોજ સવારના ૦૯:૩૦ કલાકે, અમરદાણ ફેકટરી સામે, CENTRE OF EXCELLENCE, (ET/IVF), લેબ, ધારી રોડ, અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.**

**: એજન્ડા :**

૧. ગત **તા. ૨૧/૦૯/૨૦૨૫** ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ (પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના **તા.૩૧/૦૩/૨૦૨૬** આખરનાં બોર્ડ ઓફ ડીરેકટર્સે મંજુર રાખેલ નફા–નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના સને. **૨૦૨૫–૨૦૨૬** ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડીરેકટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના સને. **૨૦૨૪–૨૦૨૫** ના નાણાંકીય વર્ષનાં કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના સને. **૨૦૨૫–૨૦૨૬** ના નાણાકીય વર્ષના હિસાબોનું સ્ટેચ્યુટરી ઓડીટ માણેક પારેખ ખીરૈયા એન્ડ, એસોસીએટસ, (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ), રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને. **૨૦૨૫–૨૦૨૬ના** નાણાકીય વર્ષના થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને. **૨૦૨૫–૨૦૨૬** ના નાણાકીય વર્ષના થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડીટ રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી સને. **૨૦૨૫–૨૦૨૬** ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેકટ્રોનીક ડેટા પ્રોસેસીંગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદી જુદી કમીટીઓ દ્વારા **તા.૦૧/૦૪/૨૦૨૫** થી **તા.૩૧/૦૩/૨૦૨૬** સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.
૧૦. બેંકની **તા.૦૭/૦૫/૨૦૨૬**ની બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગના ઠરાવ નં.**૧૪૯** થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.
૧૧. બેંકના માન્ય ઓડીટરશ્રી એચ.કે.આર. એન્ડ કાું., નવસારી દ્વારા **તા. ૦૧/૦૪/૨૦૨૫** થી **તા.૩૧/૦૩/૨૦૨૬** સુધીનું કરેલ ત્રિમાસીક કનકરંટ ઓડીટનો રીપોર્ટસ અને તેને લગત દુરસ્તી રીપોર્ટસ વંચાણે લેવા બાબત.
૧૨. ધી ગુજરાત સ્ટેટ કો.ઓપ.બેંક લી., અમદાવાદ દ્વારા બેંકના સને. ૨૦૨૪–૨૦૨૫ ના નાણાકીય વર્ષનાં કરવામાં આવેલ ઈન્સ્પેકશન અન્વયેનો ઈન્સ્પેકશન મેમો અને તેને લગત ઈન્સ્પેકશન દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત
૧૩.મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખસ્થાનેથી અન્ય જે કાંઈ રજુ થાય તે.

**નોંધ :–**
(૧) બેંકના વ્યકિત સભાસદોના ડેલીગેટોની ચુંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોકત સ્થળે સાધારણ સભા અગાઉ ૦૯:૦૦ કલાકે મળશે જેમાં તમામ વ્યકિત સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે.
(૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધિ બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરીને બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી.
(૩) **સને.૨૦૨૫–૨૦૨૬ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે. જેની નોંધ લેવી.**

**: બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે :**

**સ્થળ :– હેડ ઓફીસ, અમરેલી.**

બોર્ડ ઓફ ડીરેકટર્સની સુચનાથી
**(બી.એસ. કોઠીયા)**
જનરલ મેનેજર (સી.ઈ.ઓ.)
ધી અ.જી.મ.સ.બેંક લી., અમરેલી.

## બાબરા પંથકમાં કોંગ્રેસ પક્ષને જબરદસ્ત ફટકો પડયો

# ચમારડીનાં અનેક કોંગી આગેવાનો ભાજપમાં જોડાયા

**ધારાસભ્ય અને જિલ્લા પંચાયત સદસ્યનાં પ્રતિનિધિનાં પ્રયાસોને મળી સફળતા**

**સાંસદ સુતરીયા અને ભાજપ મહામંત્રી ભૂતૈયાની ઉપસ્થિતિમાં કોંગ્રેસીઓએ ધારણ કર્યો ભાજપનો ખેસ**

**ભાજપમાં પ્રવેશ કરનાર અગ્રણીઓએ દેશનાં વિકાસ અને હિત માટે ભાજપમાં પ્રવેશ કર્યાનું જણાવ્યું**

**ભાજપમાં પ્રવેશ મેળવનાર આગેવાનો સમગ્ર પંથકમાં ભાજપને મજબુત કરવાનો કરશે પ્રયાસ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

બાબરા તાલુકાના ચમારડી ગામે કોંગ્રેસને મોટો રાજકીય ફટકો પડયો છે. ચમારડી ગામના પ્લોટ વિસ્તારમાં યોજાયેલા સાંસદ તથા ધારાસભ્યના સન્માન કાર્યક્રમ દરમિયાન તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ સહિત સહકારી ક્ષેત્ર, સામાજિક ક્ષેત્ર અને ગ્રામ્ય રાજકારણમાં આગવું સ્થાન ધરાવતા અનેક કોંગ્રેસી અગ્રણીઓએ કોંગ્રેસને રામરામ કરી ભાજપનો ખેસ ધારણ કરી વિધિવત ભાજપમાં પ્રવેશ મેળવ્યો હતો.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા હાથ ધરાયેલા સંગઠનાત્મક પ્રયાસોને પગલે ચમારડીમાં કોંગ્રેસના મહત્વના અગ્રણીઓને ભાજપ સાથે જોડવામાં સફળતા મળતા તાલુકાના રાજકારણમાં નવી ચર્ચા જાગી છે. એકસાથે મોટી સંખ્યામાં અગ્રણીઓના ભાજપ પ્રવેશથી કોંગ્રેસના સંગઠનને મોટો આંચકો લાગ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

આ પ્રસંગે બાબરા તાલુકા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ જસમતભાઈ ચોવટિયા, ચમારડી જૂથ સેવા સહકારી મંડળીના પ્રમુખ જાદવભાઈ વસ્તરપરા, માજી સરપંચ રવજીભાઈ વસ્તરપરા, યુવા બ્રહ્મસમાજ અગ્રણી પંકજ ઈન્દ્રોડિયા, ડાયાભાઈ મગતરપરા, માજી ઉપસરપંચ ભગાભાઈ અસલાલીયા, હંસરાજભાઈ મગતરપરા, મનુભાઈ વસ્તરપરા, ભગાભાઈ અમરકૃપા મારબલ, સુરેશભાઈ દાફડા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન, ભરવાડ સમાજના અગ્રણી ભાયાભાઈ ઝાપડા, ઈકબાલભાઈ પઠાણ, વિનુભાઈ મગતરપરા, ભાણજીભાઈ જોગેલ સહિતના અગ્રણીઓએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.

સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા અને જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભૂતૈયાની ઉપસ્થિતિમાં તમામ અગ્રણીઓનું ભાજપ પરિવારમાં ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા પંચાયતના સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ દ્વારા કરવામાં આવેલા સંગઠનાત્મક પ્રયાસોની પણ નોંધ લેવામાં આવી હતી.

ભાજપમાં પ્રવેશ કરનાર અગ્રણીઓએ જણાવ્યું હતું કે, દેશના વિકાસ, રાષ્ટ્રહિત અને ભાજપની વિકાસલક્ષી વિચારધારાથી પ્રેરાઈને ભાજપમાં જોડાયા છીએ. પક્ષના આદેશ અને સંગઠનની માર્ગદર્શિકા મુજબ સાથે મળીને કામ કરી બાબરા તાલુકામાં ભાજપનું સંગઠન વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભૂતૈયા, જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા સાંસદ ભરતભાઈ સુતરિયાએ પ્રેરક સંબોધન કરી નવા કાર્યકરોને આવકાર્યા હતા. નેતાઓએ સંગઠનની તાકાત વધારવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં વધુ સક્રિય બની સરકારની વિકાસલક્ષી કામગીરી લોકો સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ સુરેશભાઈ વાઘેલા, યાર્ડના ચેરમેન જીવાજીભાઈ રાઠોડ, મહેશભાઈ ભાયાણી, અજિતભાઈ ખોખરીયા, પ્રવીણભાઈ કરકર, વિહાભાઈ વાઢીયા, કિરીટભાઈ બગડા, હરેશભાઈ આખજા, ઘોહાભાઈ રાતડીયા, જિલ્લા પંચાયત સભ્ય હિતેષભાઈ કલકાણી સહિત તાલુકા ભાજપના અગ્રણીઓ, સરપંચો, કાર્યકરો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ચમારડીમાં કોંગ્રેસના ગઢમાં ગાબડું પાડતા એકસાથે અનેક અગ્રણીઓનો ભાજપ પ્રવેશ બાબરા તાલુકાના રાજકારણમાં આગામી દિવસોમાં સંગઠનાત્મક સમીકરણો બદલવાના સંકેતરૂપ બની રહ્યો છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ – ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી – ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/–
ઓજસ કલાસીસ–અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com





















લીલીયા મોટા વન વિભાગની ટીમની કામગીરી

# આખરે અમરેલીના ચાંદગઢમાં ટ્રેકર ઉપર હુમલો કરના સિંહણ પાંજરે પુરાઈ

## ગ્રામજનોમાં ફેલાયેલ ફફડાટ દુર થયો



અમરેલી, તા. ૧૭

ત્રણ દિવસ પહેલા અમરેલી તાલુકાના ચાંદગઢ ગામની સીમ વિસ્તારમાં શેત્રુંજી નદી પાર કરાવવાની રૂટીન કામગીરી દરમિયાન ટ્રેકરની ટીમ ઉપર સિંહણે ટ્રેકર ગોસાભાઈ ઉપર અચાનક હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડનાર હુમલાખોર સિંહણ આજે ચાંદગઢ ગામમાં ઘૂસી જતા અને એક દોઢ કલાક સુધી ગામની શેરીમાં આંટાફેરા કરનારી સિંહણથી સ્થાનિક ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો.

ઘટનાની જાણ થતાં લીલીયા વનવિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને સિંહણને પાંજરે પૂરવા માટે કામગીરી હાથ ધરી સિંહણને ટ્રાન્ગ્યુલાઈજ કરવામાં આવી હતી. અને આખરે સિંહણને પાંજરે પૂરવામાં વનવિભાગને સફળતા મળી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ,ત્રણ દિવસ પહેલા ચાંદગઢ ગામની સીમ વિસ્તારમાં શેત્રુંજી નદી પાર કરીને આવેલી સિંહણની હિલચાલ ઉપર વનવિભાગના ત્રણ ટ્રેકરોની ટીમ નજર રાખી રહી હતી.

આ દરમિયાન સિંહણને શેત્રુંજી નદી પાર કરાવવાની તેમજ તેનું સ્કેનિંગ કરવાની રૂટીન કામગીરી ચાલી રહી હતી. ત્યારે અચાનક સિંહણે ટ્રેકર ગોસાભાઈ ઉપર હુમલો કર્યો હતો. સિંહણના હુમલામાં ટ્રેકરને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ટ્રેકર ઉપર હુમલો કરનાર આ જ સિંહણ હવે ચાંદગઢ ગામમાં ઘૂસી જતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. આજે આ સિંહણ ગામના રહેણાંક વિસ્તારમાં જોવા મળતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં લીલીયા વનવિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

વનવિભાગની ટીમ દ્વારા આ સિંહણની હિલચાલ ઉપર સતત નજર રાખવામાં આવી રહી હતી. તેમજ તેના લોકેશનને ટ્રેસ કરવા માટે સ્કેનિંગ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સિંહણ અલગ-અલગ સ્થળોએ સતત હિલચાલ કરતી હોવાથી તેને પાંજરે પૂરવા માટે વનવિભાગના કર્મચારીઓ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન આખરે ટ્રેકર ઉપર હુમલો કરનારી સિંહણને પાંજરેપૂરવામાં વનવિભાગને સફળતા મળી હોવાનું જાણવા મળ્યું છે. સિંહણ પાંજરે પુરાતા ચાંદગઢ ગામના ગ્રામજનો તેમજ આસપાસના વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

સિંહણની હિલચાલ અને ટ્રેકર ઉપર થયેલા હુમલાને પગલે વનવિભાગ દ્વારા સમગ્ર વિસ્તારમાં પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું હતું. ગ્રામજનોને પણ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી હતી. ત્રણ દિવસ પહેલા ટ્રેકર ઉપર હુમલો કરનારી સિંહણ ગામમાં ઘૂસતા સર્જાયેલા ભયના માહોલનો હવે સિંહણ પાંજરે પુરાતા અંત આવ્યો છે.

# બાબરા : નીલકંઠ મહાદેવને અર્ધનારેશ્વરનો શણગાર

બાબરા, તા. ૧૭

બાબરામાં પૌરાણીક શિવાલય શ્રી નીલકંઠ મહાદેવને શ્રાવણ માસના પ્રથમ સોમવારે અર્ધનારેશ્વરનો અનુપમ શણગાર કરવામાં આવ્યો જેના દિવ્ય દર્શન નો લાભ ભાવિકોએ મેળવી ધન્યતા અનુભવી હતી.

અહીં પંચકુંડમાં આવેલ શ્રી નીલકંઠ મહાદેવ સ્વંયભુ શિવલિંગ હોવાથી સમગ્ર પંથકમાં ભારે આસ્થાનું સ્થાન ધરાવે છે મંદિરના મહંત ભાવેષગિરી બાપુ દ્વારા શ્રાવણ માસના દરોજ અલગ અલગ શણગાર કરવામા આવે છે.



# અનુરૂપ વિવાહ અમદાવાદમાં ફરી 'પરિચય સંમેલન'નું આયોજન કરશે

અનુરૂપ વિવાહ (ગુજરાતી) ભારત અને વિદેશમાં ગુજરાતી સમુદાયમાં ઝડપથી પોતાનો વ્યાપ વધારી રહ્યું છે. તેઓ ઓનલાઈન ડેટાબેઝ અને શોધ ઉપરાંત તેમના સભ્યો સાથે વિવિધ ઓફલાઈન સંપર્કો જાળવવા માટે પ્રતિબદ્ધ છે.

અમારા ૫૧ વર્ષના કાર્યકાળમાં અમે ૧૦૦૦ થી વધુ ઈવેન્ટ્સનું આયોજન કરી ચુકયા છીએ.ભારતનાં ઘણા શહેરોમાં અને ભારતની બહાર અમેરિકા, કેનડા, ઓસ્ટ્રોલિયા, જર્મની, યુ.કે. જેવા દેશોમાં આ કાર્યક્રમો યોજાય છે.

ગયા ત્રણ વર્ષમાં અમે અમદાવાદ અને વડોદરામાં દસ બીટ અપ કાર્યક્રમો યોજ્યા છે. પાત્રો માટે પણ અમે વાલીઓ માટે પણ એટલું જ નહીં તો આ કાર્યક્રમોમાંથી પરિચય થયેલા પાત્રોના લગ્ન નક્કી પણ થયાનાં સમાચાર અમને મળ્યા છે.

અમારાં મહારાષ્ટ્ર વાસી ગુજરાતી સભ્યો માટે અમે ગયા વર્ષે દાદર, મુંબઈમાં પણ એક મીટ અપ કાર્યક્રમ યોજ્યો હતો. ત્યાં મુંબઈ, થાણે, નવી મુંબઈ, પુણે, નાસિક અને બીજા શહેરોમાંથી પાત્રોએ ભાગ લીધો હતો.

## અમારા મીટ અપ કાર્યક્રમો ખુબ જ રસપ્રદ અને લોકપ્રિય છે

ગુજરાતી પાત્રો એકબીજાને રૂબરૂ મળી શકે, એકબીજા સાથે વાર્તાલાપ કરી શકે અને એકબીજાના મંતવ્યો જાણી શકે તે માટે, અનુરૂપે ફરી એક વાર અમદાવાદમાં પરિચય સંમેલનનું આયોજન કર્યુ છે. કાર્યક્રમ ૨૩ ઓગષ્ટ - ૨૦૨૬ના રોજ કચ્છી જૈન સેવા સમાજ હોલ, પાલડી ખાતે સવારે ૧૦ વાગે યોજવામાં આવેલ છે. છોકરાઓની બેઠક ફુલ થઈ ગઈ છે. કન્યાઓના રજીસ્ટ્રેશન ચાલુ છે. કુંવારી કન્યાઓ રૂા.૨૩૫ ભરીને નોંધણી કરાવી શકે છે.(ઉમરની મર્યાદા નથી).ઉમેદવારો અને માતા-પિતા બંને હાજરી આપી શકે છે.

મીટ-અપ ઈવેન્ટ્સમાં ભાગ લેવાથી શોધથી લગ્ન સુધીની સફર સરળ બને છે. ઉમેદવારને રૂબરૂ મળવું, તેમના વ્યકિતત્વ અને બોડી લેંગ્વેજનું અવલોકન કરવું અને તેમની 'વાઈબ્સ' અનુભવવી મહત્વપૂર્ણ છે. મીટ-અપ ઈવેન્ટમાં, તમને એક જ દિવસમાં ઘણા ઉમેદવારોને મળવાનો મોકો મળે છે, જે પસંદગીની પ્રક્રિયાને ટૂંકી કરવામાં મદદ કરે છે.

જો તમે વરરાજાની શોધમાં કુંવારી કન્યા છો અથવા તમે આવા ઉમેદવારને જાણો છો, તો તમે તાત્કાલિક અમારા ટોલ - ફ્રી નંબર પર કોલ કરી શકો છો. ટોલ - ફ્રી નંબર છે : ૧૮૦૦-૨૬૭-૭૯૯૧

અથવા ઓનલાઈન નોંધણી કરાવો:- અમારી વેબસાઈટ છે.

www.anuroopwiwaha.com




ડોન બનવાની કોશિષ કરનાર

# વડિયાનાં માથાભારે ઈસમની અટકાયત કરવામાં આવી

## સ્થાનિક પીઆઈની કામગીરી યોગ્ય

અમરેલી, તા. ૧૭

વડિયા પોલીસના ચોપડે હિસ્ટ્રીશીટર તરીકે નોંધાયેલા સુનિલ ધરમશી કોળીને તાજેતરમાં જામીન મળ્યા બાદ વડિયા વિસ્તારમાં કુહાડી સહિતના હથિયારો સાથે આંટાફેરા મારવા તથા વેપારીઓને દબાવવાના પ્રયાસો અંગે પોલીસને લેખિત તેમજ મેખિક ફરિયાદો મળી હતી.

આ ફરિયાદોને ગંભીરતાથી લઈ વડિયા પોલીસે સક્રિયતા દાખવી કાર્યવાહી હાથ ધરી હતી. જેના અનુસંધાને આજે વડિયા પોલીસે હિસ્ટ્રીશીટર સુનિલ ધરમશી કોળીને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા વડિયા વિસ્તારમાં આનંદની લાગણી ફેલાઈ છે.

વડિયા પોલીસની આ કડક કાર્યવાહીથી ગુંડા તત્વોમાં ફફડાટ ફેલાયો છે, જયારે વેપારીઓ અને સામાન્ય નાગરિકોમાં પોલીસ પ્રત્યે વિશ્વાસ વધ્યો છે.

વડિયા પોલીસની આ કામગીરીને લોકો દ્વારા આવકારવામાં આવી રહી છે.
























### ભાજપ સંગઠનમાં ધરખમ ફેરફાર : સ્મૃતિ ઈરાનીની એન્ટ્રી

# ભાજપ અધ્યક્ષ નીતિન નવીને તેમની નવી ટીમની જાહેરાત કરી

## નવી સંગઠન ટીમમાં ભાજપે ૧૩ ઉપાધ્યક્ષ, ૮ રાષ્ટ્રીય મહામંત્રી અને ૧૬ રાષ્ટ્રીય મંત્રી/સચિવ બનાવ્યા છે : વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ બનાવાયા છે

નવી દિલ્હી, તા.૧૭

ભાજપના અધ્યક્ષ નીતિન નવીને નવી ટીમની જાહેરાત કરી દીધી છે. સ્મૃતિ ઈરાનીને મહા સચિવ અને વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. ઉપાધ્યક્ષ, મહા સચિવ, સચિવ અને પ્રવકતાઓ (સ્પોકસપર્સન)ની યાદીમાં યુવાનો અને મહિલાઓની સાથે જાતિ સમીકરણોનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. ભાજપે નવી ટીમમાં ઉત્તર પ્રદેશના અનેક નેતાઓને સામેલ કર્યા છે. અહીં આગામી વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. નવી સંગઠન ટીમમાં ભાજપે ૧૩ ઉપાધ્યક્ષ, ૮ રાષ્ટ્રીય મહામંત્રી અને ૧૬ રાષ્ટ્રીય મંત્રી/સચિવ બનાવ્યા છે.

૭ મહિના પછી નિતિન નબીનની નવી ટીમની જાહેરાત થઈ ગઈ છે. વસુંધરા રાજેને ઉપાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. નિતિન નબીનની નવી ટીમમાં ૮ મહાસચિવ બનાવવામાં આવ્યા છે. અનિલ બલૂની પહેલાની જેમ જ મીડિયા ઈંચાર્જ પદ પર યથાવત રહેશે. આવી જ રીતે બી.એલ. સંતોષ પાસે પણ સંગઠન મહાસચિવનું પદ પહેલાની જેમ યથાવત રહેશે. જ્યારે આઈટી સેલ હેડ અમિત માલવિયા હટાવી દેવામાં આવ્યા છે. તેઓ લાંબા સમયથી ભાજપ સંગઠનમાં આઈટી સેલના હેડ હતા. માલવિયાની જગ્યાએ દીપક સહસ્કેને સોશિયલ મીડિયાના પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

નિતિન નબીનની નવી ટીમમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને પણ સ્થાન મળ્યું છે. તેમને રાજેશ અગ્રવાલની જગ્યાએ કોષાધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજેશ મંગલને સહ-કોષાધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. તરુણ ચુગને મુખ્યાલય પ્રભારી નિયુક્ત કરવામાં આવ્યા છે.

જે.પી. નડ્ડાની ટીમમાં મહાસચિવ પદ પર કાર્યરત અરુણ સિંહ, દુષ્યંત ગૌતમ, તરુણ ચુગ અને રાધામોહનદાસ અગ્રવાલની બાદબાકી થઈ છે, આવી જ રીતે સંગઠનમાં સચિવ પદ પર કાર્યરત અરવિંદ મેનન, પંકજા મુંડે, નરેન્દ્ર સિંહ, અલકા ગુર્જર, ઓમપ્રકાશ ધુર્વે, રિતુરાજ સિંહા, કામાખ્યા પ્રસાદ તાસા, સુરેન્દ્ર નાગર તેમજ નડ્ડાની ટીમમાં ઉપાધ્યક્ષ રહેલા સરોજ પાંડે, ડી.કે. અરૂણા, એમ. ચુબા રાવ, અબ્દુલ્લા કુંટીને પણ નવી ટીમમાં સામેલ કરવામાં આવ્યા નથી.

નિતિન નબીનની નવી રાષ્ટ્રીય ટીમમાં ગુજરાતનું વર્ચસ્વ અને સંગઠનાત્મક મહત્વ સ્પષ્ટપણે ઉભરી આવ્યું છે. પક્ષે અનુભવ અને યુવા ઉર્જાના યોગ્ય સંતુલન પર પસંદગી ઉતારીને રાજ્યના ચાર અગ્રણી ચહેરાઓને રાષ્ટ્રીય સ્તરે મોટી જવાબદારીઓ સોંપી છે. જેમાં વર્ષાબેન નરેન્દ્રભાઈ દોશીને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જેવું ઉચ્ચ પદ આપી મહિલા નેતૃત્વને મજબૂત મંચ પૂરો પાડવામાં આવ્યો છે, જ્યારે જગદીશ ઈશ્વરભાઈ પટેલ અને રોહન ગુપ્તાને રાષ્ટ્રીય સચિવ તરીકે કેન્દ્રીય સંગઠનની કામગીરી વધારવાની તક મળી છે. આ ઉપરાંત, યુવા નેતા હેમાંગ જોશીને યુવા મોરચાના રાષ્ટ્રીય પ્રમુખ બનાવીને ભાજપે દેશભરના યુવાનોને જોડવાની મહત્વપૂર્ણ કમાન ગુજરાતના હાથમાં સોંપી છે.

ભાજપમાં સંગઠન મંત્રીની પરંપરા છે અને તેઓ સામાન્ય રીતે ઈજીજી પૃષ્ઠભૂમિના હોય છે. તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. અત્યાર સુધી સંગઠન મહામંત્રી રહેલા બી. એલ. સંતોષ યથાવત છે. આ ઉપરાંત બે સહ-સંગઠન મહામંત્રી જળવાઈ રહ્યા છે. તેમાં શિવપ્રકાશ અને સૌદાન સિંહ સામેલ છે. શિવપ્રકાશ ભાજપમાં આવ્યા પહેલા RSSમાં હતા અને પ્રાંત તથા ક્ષેત્ર પ્રચારક જેવી મહત્વની જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે. તેઓ ઉત્તર પ્રદેશના મુરાદાબાદના રહેવાસી છે.

ગુજરાત
વર્ષાબહેન નરેન્દ્ર દોશી – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
જગદીશ ઈશ્વર પટેલ – રાષ્ટ્રીય સચિવ
રોહન ગુપ્તા – રાષ્ટ્રીય સચિવ
હેમાંગ જોશી – યુવા મોરચા પ્રમુખ

ઉત્તર પ્રદેશ
રેખા વર્મા – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
તારિક મંસૂર – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
સ્મૃતિ ઈરાની – રાષ્ટ્રીય મહા સચિવ
હરીશ દ્વિવેદી – રાષ્ટ્રીય મહા સચિવ
ભોલા સિંહ – રાષ્ટ્રીય સચિવ
સંગીતા યાદવ – રાષ્ટ્રીય સચિવ
અમરપાલ મૌર્ય – OBC મોરચા પ્રમુખ
કુંવર બાસિત અલી – લઘુમતી (માઈનોરિટી) મોરચા પ્રમુખ

દિલ્હી
રામ માધવ – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
બી.એલ. સંતોષ – રાષ્ટ્રીય સંગઠન મહા સચિવ
સુનીલ બંસલ – રાષ્ટ્રીય મહા સચિવ
સંદીપ પાઠક – રાષ્ટ્રીય સચિવ
સ્વદેશ સિંહ – રાષ્ટ્રીય સચિવ
જય પ્રકાશ – રાષ્ટ્રીય સચિવ
રાજીવ બબ્બર – નોર્થ-ઈસ્ટ સહ-સંયોજક
પ્રદીપ ભંડારી – મીડિયા સહ-સંયોજક
સિદ્ધાર્થ યાદવ – મીડિયા સહ-સંયોજક
શિવાનંદ દ્વિવેદી – સોશિયલ મીડિયા સહ-સંયોજક

મહારાષ્ટ્ર
ભારતી પ્રવીણ પવાર – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
વિનોદ તાવડે – રાષ્ટ્રીય મહા સચિવ
શિવપ્રકાશ – રાષ્ટ્રીય સહ-સંગઠન મહા સચિવ (મુંબઈ)
પીયૂષ ગોયલ – રાષ્ટ્રીય ખજાનચી
પ્રીતિ ગાંધી – સોશિયલ મીડિયા સહ-સંયોજક

રાજસ્થાન
વસુંધરા રાજે સિંધિયા – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
સતીશ પૂનિયા – રાષ્ટ્રીય મહા સચિવ
રાજેશ મંગલ – રાષ્ટ્રીય સહ-ખજાનચી
મન્નાલાલ રાવત – ST મોરચા પ્રમુખ

મધ્ય પ્રદેશ
લાલસિંહ આર્ય – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
ગજેન્દ્ર પટેલ – રાષ્ટ્રીય મહા સચિવ
કવિતા પાટીદાર – રાષ્ટ્રીય સચિવ
વિષ્ણુ દત્ત શર્મા – ઓલ સેલ્સ કોઓર્ડિનેટર
બંસીલાલ ગુર્જર – કિસાન મોરચા પ્રમુખ
આશિષ ઉષા અગ્રવાલ – મીડિયા સહ-સંયોજક

ઉત્તરાખંડ
તીરથ સિંહ રાવત – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
મહેન્દ્ર પાંડે – કેન્દ્રીય કાર્યાલય સચિવ
અનિલ બલૂની – મીડિયા સંયોજક
આલોક ભટ્ટ – સોશિયલ મીડિયા સહ-સંયોજક

બિહાર
સિદ્ધાર્થ શંભુ – રાષ્ટ્રીય સચિવ
ઋતુરાજ સિન્હા – ઓલ સેલ્સ સહ-કોઓર્ડિનેટર
શિવેશ કુમાર રામ – જીઝ મોરચા પ્રમુખ

ઓડિશા
બૈજયંત જય પાંડા – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
સંબિત પાત્રા – નોર્થ-ઈસ્ટ સંયોજક

આંધ્ર પ્રદેશ
ડી. પુરંદેશ્વરી – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
વિષ્ણુ વર્ધન રેડ્ડી – ઓલ સેલ્સ સહ-કોઓર્ડિનેટર

પંજાબ
મનપ્રીત સિંહ બાદલ – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
તરુણ ચુગ – કેન્દ્રીય કાર્યાલય પ્રભારી

કેરળ
કે. સુરેન્દ્રન – રાષ્ટ્રીય સચિવ
અનિલ એન્ટોની – રાષ્ટ્રીય સચિવ

છત્તીસગઢ
રૂપ કુમારી ચૌધરી – મહિલા મોરચા પ્રમુખ
દીપક મ્હાસ્કે – સોશિયલ મીડિયા સંયોજક

હરિયાણા
સંજય ભાટિયા – રાષ્ટ્રીય મહા સચિવ
અરુણ યાદવ – સોશિયલ મીડિયા સહ-સંયોજક

પશ્ચિમ બંગાળ
મધુચંદ્રા કર – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ
મનોજ તિગ્ગા – રાષ્ટ્રીય સચિવ

કર્ણાટક
એમ. નાગરાજ – રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ

ત્રિપુરા
બિપ્લબ કુમાર દેવ – રાષ્ટ્રીય મહા સચિવ

ચંદીગઢ
સૌદાન સિંહ – રાષ્ટ્રીય સહ-સંગઠન મહા સચિવ

ઝારખંડ
પ્રદીપ વર્મા – રાષ્ટ્રીય સચિવ

નાગાલેન્ડ
ફાંગનોન કોન્યાક – રાષ્ટ્રીય સચિવ

તમિલનાડુ
એમ. વેંકટેશન – રાષ્ટ્રીય સચિવ

અસમ
મૃગાંક દેવ બર્મન – રાષ્ટ્રીય સચિવ

આખી ટીમનું વિશ્લેષણ કરીએ તો સ્પષ્ટ થાય છે કે, ઉપપ્રમુખો, મહામંત્રીઓ, સચિવો અને પ્રવકતાઓની આ યાદી ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરાઈ છે. તેમાં યુવાનો અને મહિલાઓને ખાસ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, સાથે જ જ્ઞાતિ અને જાતિના સમીકરણોને પણ સરભર કરવાનો પ્રયાસ થયો છે. આવતા વર્ષની શરૂઆતમાં ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી, ભાજપે પોતાની આ નવી ટીમમાં UPના નેતાઓને વિશેષ મહત્વ આપ્યું છે.

### હાઈકોર્ટ, ED કે CBI કોઈ કાર્યવાહી ના કરે : સુપ્રીમ

# રાહુલ ગાંધીને આવક કરતાં વધુ મિલકતના કેસમાં રાહત

## CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની પીઠે કર્ણાટકના અરજદાર એસ. વિગ્નેશ શિશિરને નોટિસ પાઠવી

નવી દિલ્હી, તા.૧૭

આવક કરતાં વધુ મિલકત ધરાવવાના કેસમાં સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટ તરફથી મોટી રાહત મળી છે. સર્વોચ્ચ અદાલતે અલ્લાહાબાદ હાઈકોર્ટને નિર્દેશ આપ્યા છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે ચાલી રહેલી કાર્યવાહીને આગળ ન વધારવામાં આવે. આ સાથે જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) અને સીબીઆઈ(CBI) જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓને પણ રાહુલ ગાંધી સામે હાઈકોર્ટમાં કોઈ રિપોર્ટ દાખલ ન કરવા આદેશ આપ્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ(CJI) સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની પીઠે રાહુલ ગાંધી તરફથી રજૂ થયેલા વરિષ્ઠ તજજ્ઞ વકીલ કપિલ સિબ્બલની દલીલો સાંભળી હતી. દલીલો ધ્યાને લીધા બાદ સુપ્રીમ કોર્ટે CBI, ED અને અલ્લાહાબાદ હાઈકોર્ટમાં અરજી કરનાર કર્ણાટકના નિવાસી એસ. વિગ્નેશ શિશિરને નોટિસ જારી કરી છે.

આ અગાઉ અલ્લાહાબાદ હાઈકોર્ટે ED અને CBIને કર્ણાટકના ભાજપ કાર્યકર એસ. વિગ્નેશ શિશિર દ્વારા રાહુલ ગાંધી પર લગાવાયેલા આવક કરતાં વધુ મિલકતના આક્ષેપોની તપાસ કરવા અને જવાબ રજૂ કરવા જણાવ્યું હતું. હાઈકોર્ટની જસ્ટિસ આર. એસ. ચૌહાણ અને જસ્ટિસ બી. આર. સિંહની બેંચે કેન્દ્રીય એજન્સીઓ ઉપરાંત નાણાં મંત્રાલય અને ગંભીર કપટ અન્વેષણ કાર્યાલય(SFIO)ને પણ જવાબ દાખલ કરવા આદેશ આપ્યો હતો. હાઈકોર્ટના આ નિર્દેશ સામે રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા.

અલ્લાહાબાદ હાઈકોર્ટના આદેશ બાદ તપાસ એજન્સીઓએ પોતાની કાર્યવાહી શરૂ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટના તાજેતરના સ્ટે આદેશ બાદ હવે ઈડી કે ઝ્રમ્ૈં રાહુલ ગાંધી વિરુદ્ધ હાઈકોર્ટમાં તપાસ પ્રગતિનો કોઈ રિપોર્ટ સબમિટ કરી શકશે નહીં. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો કાનૂની મોરચે મોટો વિજય થયો છે.

### સરકારના આર્થિક સલાહકારે જ આપી સલાહ

# જૂના વાહનો માટે E10 પેટ્રોલ પાછું લાવો

## નાગેશ્વરને ફૂડ-વર્સિસ-ફ્યુઅલ મુદ્દે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે ઈ૨૦થી આગળ વધતા પહેલા ખેતી, પાણી, ખાદ્ય સુરક્ષાનું ગણિત તપાસવું જરૂરી

નવી દિલ્હી, તા.૧૭

E20(૨૦% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલને લઈને દેશભરમાં ઘમાસાણ મચ્યું છે. રસ્તાથી લઈને સંસદ અને સોશિયલ મીડિયા સુધી દરેક જગ્યાએ એ વાતની ચર્ચા થઈ રહી છે કે, આ ફ્યુઅલના કારણે વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને એન્જિનના સ્પેરપાર્ટ્સ કે કમ્પોનન્ટ્સ ખરાબ થઈ રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે મોટી સંખ્યામાં વાહનચાલકો E5 અને E10 જેવા લો-ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલના વિકલ્પો ઉપલબ્ધ કરાવવાની માગ કરી રહ્યા છે. આ વચ્ચે પ્રથમ વખત સરકારમાં રહેલી કોઈ જવાબદાર વ્યક્તિએ E10 ફ્યુઅલની વાપસીની વાત કરી છે.

E20 પેટ્રોલને લઈને હવે સવાલ માત્ર એ નથી રહ્યો કે, તમારી ગાડીનું એન્જિન ચાલશે કે નહીં, પરંતુ સવાલ એ છે કે પેટ્રોલ બચાવવાની આ ઝુંબેશમાં ક્યાંક દેશની ખેતી, પાણી અને ખાદ્ય સુરક્ષાનું ગણિત તો નથી બગડી રહ્યું ને! આ સવાલને એટલા માટે પણ હળવાશથી લઈ શકાય તેમ નથી, કારણ કે આ મુદ્દો કોઈ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર કે ટિકાકારે નહીં, પરંતુ ખુદ ભારત સરકારના મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને ઉઠાવ્યો છે.

નાગેશ્વરને પોતાના એક લેખમાં E20થી આગળ E27 કે E30 તરફ કદમ વધારતા પહેલા ફૂડ-વર્સિસ-ફ્યુઅલ ટ્રેડ ઑફ એટલે કે ખાદ્ય સુરક્ષા અને બળતણ વચ્ચેની સ્પર્ધાનો સંપૂર્ણ હિસાબ માંડવાની સ્પષ્ટ જરૂરિયાત દર્શાવી છે. અત્યાર સુધી E20ને પેટ્રોલના શ્રેષ્ઠ વિકલ્પ, ક્રૂડ ઓઈલની આયાત ઘટાડવાના હથિયાર અને પર્યાવરણીય ફાયદાના સફળ મોડલ તરીકે જોવામાં આવતું હતું, પરંતુ તેમાંથી આગળ વધતા પહેલાં ગંભીર વિચારવિમર્શ કરવો અનિવાર્ય બન્યો છે. હવે મૂળ સવાલ એ ઊભો થયો છે કે, મકાઈથી પેટ્રોલની ટાંકી ભરાશે કે લોકોનું પેટ? કારણ કે એન્જિનની ચર્ચા વચ્ચે આખરી જંગ એ જમીન અને પાણીની છે, જેને એકવાર બળતણ ઉત્પાદન તરફ વાળી દેવાયા બાદ પુનઃ ખાદ્ય પાકો તરફ વાળવું સરળ નહીં રહેશે.

મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરને સરકારને જૂના વાહનો માટે E10 ફ્યુઅલને પરત લાવવાની સલાહ આપી છે.

જોકે, આ ભલામણ સાથે તેમણે E20 ફ્યુઅલને લઈને લોકોમાં વ્યાપેલી આશંકાઓ અને ડર અંગે પણ સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે, હાલના દિવસોમાં સોશિયલ મીડિયા પર E20 પેટ્રોલને લઈને ભારે ચર્ચા થઈ રહી છે અને એક ડર ઝડપથી ફેલાઈ રહ્યો છે. દાવાઓ થઈ રહ્યા છે કે આ ફ્યુઅલથી વાહનોનું માઈલેજ ઘટી રહ્યું છે અને ગાડીઓમાં કમ્પોનન્ટ્સ ખરાબ થઈ રહ્યા છે. પરંતુ, આ તમામ દાવાઓ પૂરેપૂરા સાચા નથી. તેની પાછળ તેઓ કેટલાક ટેસ્ટનો હવાલો આપે છે.

### રાહુલ ગાંધીએ હેમંત સોરેનને લખ્યો પત્ર

# પ્રદર્શનકારીઓને જાતે મળો, તેમના પ્રશ્નોનું સમાધાન કરો

## રાહુલ ગાંધીએ સલાહ આપી હતી કે તેઓ વ્યક્તિગત રીતે પ્રદર્શનકારીઓને મળે અને પ્રશ્નોનું નિરાકરણ લાવે

નવી દિલ્હી, તા.૧૭

ઝારખંડમાં વિદ્યાર્થીઓ JPSC પેપર લીકનો વિરોધ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની ભૂખ હડતાળ વચ્ચે ઝારખંડ સરકારમાં સહયોગી કોંગ્રેસ પાર્ટી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હવે એક્ટિવ થઈ ગયા છે. તેમણે આ મુદ્દે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને પત્ર લખ્યો છે. સીએમ સોરેનને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ સલાહ આપી હતી કે તેઓ વ્યક્તિગત રીતે પ્રદર્શનકારીઓને મળે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવે.

તેમણે સૂચન કર્યું છે કે તેઓ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરે જેથી ઝારખંડ સરકારની તેમની ચિંતાઓને દૂર કરવાની પ્રતિબદ્ધતાને મજબૂત કરી શકાય.

ઝારખંડમાં વિદ્યાર્થીઓ JPSC પેપર લીકનો વિરોધ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની ભૂખ હડતાળ વચ્ચે ઝારખંડ સરકારમાં સહયોગી કોંગ્રેસ પાર્ટી અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હવે એક્ટિવ થઈ ગયા છે. તેમણે આ મુદ્દે ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને પત્ર લખ્યો છે. સીએમ સોરેનને લખેલા પત્રમાં રાહુલ ગાંધીએ સલાહ આપી હતી કે તેઓ વ્યક્તિગત રીતે પ્રદર્શનકારીઓને મળે અને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવે.

તેમણે સૂચન કર્યું છે કે તેઓ પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરે જેથી ઝારખંડ સરકારની તેમની ચિંતાઓને દૂર કરવાની પ્રતિબદ્ધતાને મજબૂત કરી શકાય.

નોંધનીય છે કે ઝારખંડમાં વિદ્યાર્થીઓ છેલ્લા ૨૪ દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તેઓ ભરતી પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓને દૂર કરવાની માંગ કરી રહ્યા છે. સરકાર અને વિદ્યાર્થીઓ વચ્ચે ચર્ચા થઈ છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. કેટલાક વિદ્યાર્થીઓ હજુ પણ ભૂખ હડતાળ પર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે શાંતિપૂર્ણ વિરોધ એ લોકોનો અધિકાર છે અને લોકશાહીનો એક ભાગ છે. તેમણે કહ્યું કે ઝારખંડના વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા છે અને તેમની માંગણીઓ પર ધ્યાન આપવું જોઈએ. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે સરકારે વિદ્યાર્થીઓ સાથે વાત કરવા માટે એક સમિતિની રચના કરી છે અને અનેક માંગણીઓ પર ચર્ચા થઈ છે. આમ છતાં વિરોધ ચાલુ રહે છે.

રાહુલ ગાંધીએ મુખ્યમંત્રીને વિદ્યાર્થી પ્રતિનિધિઓ સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરવા કહ્યું છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રીની મુલાકાત વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ આપશે અને તેમની બાકીની માંગણીઓ ઉકેલવામાં મદદ કરશે. રાહુલ ગાંધીએ કહ્યું કે દેશના યુવાનો તેનું ભવિષ્ય છે અને આવા સમયમાં તેમની સાથે ઉભા રહેવું મહત્વપૂર્ણ છે. તેમણે મુખ્યમંત્રીને વિદ્યાર્થીઓની વાત સાંભળવા અને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવવા અપીલ કરી હતી.ભરતી પરીક્ષામાં સુધારા અને તેમની માંગણીઓ માટે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ સ્વતંત્રતા દિવસે તિરંગા યાત્રા પણ કાઢી હતી. વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે તેમની માંગણીઓ ઉઠાવી હતી. હવે રાહુલ ગાંધીના પત્ર પછી વિદ્યાર્થીઓ અને સરકાર વચ્ચે વાતચીતની આશા વધી છે. વિદ્યાર્થીઓની મુખ્ય માંગણીઓ ભરતી પરીક્ષા પ્રક્રિયામાં સુધારા અને કથિત અનિયમિતતાઓનો ઉકેલ છે.

### હા, હું પણ દિમાગી નક્સલ છું, કેમ કે...

# વડાપ્રધાન મોદીની ટિપ્પણી વિરુદ્ધ કેજરીવાલ પણ મેદાને

## કેજરીવાલે કહ્યું કે, જે પ્રશ્નો પૂછે છે, શિક્ષણ-આરોગ્ય સુધારવા માંગે છે અને ભાજપથી ડરતા નથી, તેમને PM દિમાગી નક્સલ માને છે

નવી દિલ્હી, તા.૧૭

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી(AAP)ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે પીએમ મોદી દ્વારા કરવામાં આવેલી એક ટિપ્પણીનો જવાબ આપતા પોતાને દિમાગી નક્સલ ગણાવ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરેલા એક વીડિયોમાં તેમણે જણાવ્યું કે, હું દેશભક્ત છે અને આ વાત પર મને ગર્વ છે. જો આજે શહીદ ભગતસિંહ અને બાબા સાહેબ ભીમરાવ આંબેડકર જીવિત હોત, તો વડાપ્રધાને તેમને પણ દિમાગી નક્સલ જ કહ્યા હોત.

અરવિંદ કેજરીવાલ પહેલાં પૂર્વ ગૃહમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે પણ પોતાને દિમાગી નક્સલ ગણાવ્યા હતા. ત્યારબાદ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીએ પણ પોતાના માટે આ જ શબ્દનો ઉપયોગ કર્યો હતો.

અરવિંદ કેજરીવાલે વડાપ્રધાનની ટિપ્પણીનો અર્થ સમજાવતાફ કહ્યું કે, વડાપ્રધાનના મતે જે વ્યક્તિ પ્રશ્નો પૂછે છે અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારો લાવવા માંગે છે તે દિમાગી નક્સલ છે. આ ઉપરાંત જે લોકો સારી હૉસ્પિટલ, રસ્તાઓ જેવી સુવિધાઓ ઈચ્છે છે, ભાજપ કે તેમનાથી ડરતા નથી અને વિકસિત ભારતનું સ્વપ્ન જુએ છે, વડાપ્રધાન તે તમામ લોકોને દિમાગી નક્સલ માને છે.સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લા પરથી દેશને સંબોધિત કરતી વખતે પીએમ મોદીએ દિમાગી નક્સલોને ઓળખીને તેમને અલગ તારવવાની અપીલ કરી હતી. જોકે, તેમણે આ શબ્દ અંગે વધુ સ્પષ્ટતા કરી નહોતી. વડાપ્રધાનના આ નિવેદન બાદ રાજકીય વિવાદ ચગ્યો હતો. કોંગ્રેસે પણ પીએમ મોદી અને ભાજપ પર નિશાન સાધતાં કહ્યું હતું કે, વડાપ્રધાનના મતે કેન્દ્ર સરકારનો વિરોધ કરનાર દરેક વ્યક્તિ દિમાગી નક્સલ છે.

### ડુમસ રોડની રાજહંસ બેલિઝ્ઝા સોસા. માંથી વેપારી ઝડપાયા

# સુરતમાં દારૂની હાઈ-પ્રોફાઈલ પાર્ટી પર દરોડો

## મોડી રાત્રે ડુમસ રોડ પર આવેલા ફ્લેટમાં પોલીસે દરોડા પાડી દારૂની પાર્ટી કરી રહેલાં છ લોકોની ધરપકડ કરી

સુરત, તા.૧૭

સુરતમાં ફરી દારૂની મહેફિલ ઝડપાઈ છે. મોજી રાત્રે શહેરના ડુમર રોડ પર આવેલા રાજહંસ બેલિઝ્ઝા સોસાયટીમાં દારૂની મહેફિલ ચાલી રહી હતી. પ્રાપ્ત વિગત અનુસાર રાજહંસ બેલિઝ્ઝા બિલ્ડિંગના ટાવર-બીમાં ફ્લેટ નંબર ૧૩૧૭મા મોડી રાત્રે દારૂની પાર્ટી પર પોલીસે દરોડો પાડ્યા હતા. જ્યાં છ વેપારીઓ દારૂની મજા માણી રહ્યાં હતા. તમામ લોકોને પકડી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે.

સુરતમાં બે દિવસમાં બીજીવાર દારૂની મહેફિલ ઝડપાઈ છે. ૧૬ ઓગસ્ટે મોડી રાત્રે પોલીસે ડુમસ રોડ પર આવેલા ફ્લેટમાં દરોડો પાડ્યા હતા. આ દરમિયાન છ વેપારીઓ દારૂની પાર્ટી કરી રહ્યાં હતા. પોલીસની કાર્યવાહી દરમિયાન ૧૪ દારૂની ભરેલી અને ૨ ખાલી બોટલ મળી આવી હતી. જેની કિંમત ૧ લાખ કરતા વધુ છે. પોલીસે કાર્યવાહી દરમિયાન ફ્લેટ માલિક અનુપ પાંપાળીયા સહિત કાપડના પાંચ વેપારીઓની ધરપકડ કરી હતી. જેમાં ઓમપ્રકાશ રાઠી, ધીરજ પાંપાળીયા, આનંદ પાંપાળીયા, મુદસીર નાઝીર અને ગગન સંતોષકુમાર ચાંડકનો સમાવેશ થાય છે. પોલીસે પોતાની કાર્યવાહીમાં ૧.૭ લાખની દારૂની ૧૪ બોટલો કબજે કરી હતી.

આ સિવાય તમામ આરોપીઓ પાસેથી ૪ લાખની કિંમતના આઠ મોબાઈલ ફોન, ૫ લાખ રૂપિયાની કિંમતની એક કાર જપ્ત કરવામાં આવી હતી. પોલીસે કુલ ૧૦ લાખ જેટલી રકમનો મુદ્દામાલ કબજે કર્યો છે અને તમામ છ લોકો સામે પ્રોહિબિશનનો ગુનો દાખલ કર્યો છે.

### ૨૪ જ કલાકમાં હજારો લોકો જોડાયા

# વડાપ્રધાન મોદીના નિવેદનના વિરોધમાં ઈન્સ્ટાગ્રામ પર બની દિમાગી નક્સલ પાર્ટી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૫ ઓગસ્ટના ભાષણમાં દિમાગી નક્સલી શબ્દના ઉલ્લેખ બાદ સોશિયલ મીડિયા પર ખળભળાટ

નવી દિલ્હી, તા.૧૭

૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણમાં વપરાયેલા એક શબ્દે સોશિયલ મીડિયા પર ભારે હલચલ મચાવી દીધી છે. વડાપ્રધાને પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, જંગલોમાં હથિયાર ઉઠાવનારા નક્સલીઓ સામે દેશે મોટી સફળતા મેળવી છે, પરંતુ હજુ પણ એવા દિમાગી નક્સલી મોજૂદ છે જે વિચારધારા દ્વારા દેશમાં અશાંતિ ફેલાવવાની તક શોધી રહ્યા છે. આ નિવેદન બાદ સોશિયલ મીડિયા પર રાજકીય ચર્ચા અને વ્યંગ શરૂ થઈ ગયો. આ દરમિયાન ઈન્સ્ટાગ્રામ (Instagram) પર દિમાગી નક્સલ પાર્ટી Dimagi Naxal Party નામનું એક નવું પેજ સામે આવ્યું છે. પેજ લાઈવ થયાના ૨૪ કલાકની અંદર જ આ હેન્ડલ પર ૧.૮ લાખથી વધુ ફોલોઅર્સ જોડાઈ ચૂક્યા છે.અગાઉ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા દ્વારા કથિત રીતે યુવાનોની સરખામણી કોકરોચ સાથે કરાયા બાદ કોકરોચ જનતા પાર્ટી (Cockroach Janta Party, CJP) નામે હેન્ડલ શરૂ થયું હતું, જેણે ૧૦ દિવસમાં ૨૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ મેળવ્યા હતા. તેવી જ રીતે હવે વડાપ્રધાનના નિવેદન બાદ આ નવું પેજ વાયરલ થઈ રહ્યું છે.ઝડપી લોકપ્રિયતા: ઈન્સ્ટાગ્રામ ઉપરાંત X (ટ્વિટર) અને ફેસબુક પર પણ આ નામના અનેક પેજ બની રહ્યા છે. અજ્ઞાત નિર્માતા: CJPના કિસ્સામાં અભિજિત દીપકેએ સામે આવીને જવાબદારી લીધી હતી, પરંતુ આ પેજ કોણે બનાવ્યું છે, તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. સોશિયલ મીડિયા મેસેજ: રેડીટ (Reddit) પર થઈ રહેલી ચર્ચા મુજબ આ પેજનો મેસેજ Think > Research > Resist દર્શાવવામાં આવ્યો છે, અને તેને એક રાજકીય કટાક્ષ (Satire) તરીકે જોવામાં આવી રહ્યો છે.

### નવી જવાબદારી મુજબ કામગીરી શરૂ

# પંચાયત અને ગ્રામ વિકાસની કામગીરી તલાટી કમ-મંત્રી સંભાળશે

## ગુજરાત સરકારે બંને કેડર માટે અલગ જોબચાર્ટ નક્કી કર્યો; ગ્રામ્ય કક્ષાએ કામગીરીમાં અસમંજસતા અને ઓવરલેપિંગ દૂર થવાની આશા

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતના તલાટીઓ માટે રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. લાંબા સમયથી ચાલી રહેલી માંગણીને ધ્યાનમાં રાખીને મહેસૂલી તલાટી અને તલાટી કમ-મંત્રીની કામગીરી અને જવાબદારીઓ સત્તાવાર રીતે અલગ કરવામાં આવી છે. પંચાયત વિભાગના મંત્રીએ આ અંગે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે મહેસૂલ વિભાગના નવા ઠરાવ મુજબ બંને કેડર માટે અલગ-અલગ જોબચાર્ટ નક્કી કરવામાં આવ્યા છે.

આ નિર્ણયથી બંને કેડરના કર્મચારીઓની ફરજોને લઈને ચાલતી અસમંજસતા દૂર થવાની સાથે ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી વધુ સુવ્યવસ્થિત બનશે. અત્યાર સુધી કેટલાક કામોમાં બંને કેડરની જવાબદારીઓ એકબીજા સાથે ઓવરલેપ થતી હોવાથી કર્મચારીઓમાં મૂંઝવણ ઊભી થતી હતી. હવે કામગીરીની સ્પષ્ટ વહેંચણી થતાં જવાબદારી નક્કી કરવામાં પણ સરળતા રહેશે.

નવા જોબચાર્ટ મુજબ મહેસૂલી તલાટી મુખ્યત્વે જમીન મહેસૂલ, જમીન રેકર્ડ અને મહેસૂલ કાયદા સાથે સંકળાયેલી કામગીરી સંભાળશે. જમીનના રેકર્ડની જાળવણી, હદનિશાન, સરકારી જમીન, ગૌચર અને ખાણ-ખનિજ સંબંધિત કામગીરી પણ તેમના કાર્યક્ષેત્રમાં રહેશે.

આ ઉપરાંત સરકારી જમીન પરના દબાણ સહિત જમીન અને મહેસૂલ સંબંધિત વિવિધ બાબતોમાં મહેસૂલી તલાટીની ભૂમિકા રહેશે. જમીન વ્યવસ્થાપન સાથે સંકળાયેલી કામગીરીમાં જવાબદારી સ્પષ્ટ થવાથી અરજદારોને પણ યોગ્ય કચેરી અને અધિકારી સુધી પહોંચવામાં સરળતા રહે તેવી શક્યતા છે.

બીજી તરફ તલાટી કમ-મંત્રી ગ્રામ પંચાયતના સચિવ તરીકે પંચાયત અધિનિયમ અને તેના નિયમો હેઠળની કામગીરી સંભાળશે. ગ્રામ પંચાયતની વહીવટી કામગીરી ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓના ગ્રામ્ય સ્તરે અમલીકરણ અને પંચાયતના વિકાસકાર્યોમાં તેમની જવાબદારી રહેશે.

જન્મ-મરણની નોંધણી, વિવિધ પ્રકારના પ્રમાણપત્રો, ગ્રામ વિકાસના કામો તેમજ પંચાયતને લગતી રોજિંદી કામગીરી પણ તલાટી કમ-મંત્રીના કાર્યક્ષેત્રમાં રહેશે. ગામતળ અને પંચાયત હસ્તકની જમીન, પાણી, સ્વચ્છતા, દીવાબત્તી અને પ્રાથમિક શિક્ષણ જેવી ગ્રામ પંચાયતલક્ષી કામગીરીનું સંકલન પણ તેઓ કરશે.સરકારના આ નિર્ણયથી મહેસૂલી અને પંચાયત સંબંધિત કામગીરી વચ્ચેની ભેદરેખા વધુ સ્પષ્ટ બનશે. લાંબા સમયથી બંને કેડરની કામગીરી અલગ કરવાની માંગ કરી રહેલા તલાટીઓ માટે આ નિર્ણય રાહતરૂપ માનવામાં આવી રહ્યો છે. નવી જવાબદારી મુજબ કામગીરી શરૂ થયા બાદ ગ્રામ્ય કક્ષાની વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનવાની અપેક્ષા છે.

# અમરેલી ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ૮૦માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સંપન્ન



૮૦માં સ્વાતંત્ર્ય પર્વની અમરેલી ખાતે રાજય કક્ષાની ઊજવણીના ગરિમાપૂર્ણ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તિરંગાને સલામી આપી નાગરિકોને સંબોધિત કરતા ગૌરવસહ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વમાં રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે 'વિરાસત થી વિકાસ'નો મંત્ર સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર છે. વડાપ્રધાને લાલ કિલ્લાની પ્રાચીર પરથી ૨૦૪૭ના વિકસિત ભારત માટે શકિતની સપ્તધારાની પ્રેરણા આપી છે.

આ સપ્તધારામાં મેન્યુફેકચરિંગ પાવર, એગ્રીકલ્ચર એન્ડ ફૂડ પ્રોસેસિંગ ટેકનોલોજી, ઈનોવેશન, ગતિશકિત, રક્ષા શકિત અને સોફટ પાવરના ક્ષેત્રોમાં ભારતને વધુ વિકસિત કરી વિ સામે મૂકવાનું લક્ષ્ય રાખ્યું છે ત્યારે ગુજરાત વડાપ્રધાનના સપ્તધારા લક્ષ્યને સાકાર કરવામાં અગ્રેસર રહેશે એવો વિસ વ્યકત કરતા પ્રધાનમંત્રીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ નેતૃત્વની સરાહના કરી હતી. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શરૂ કરાવેલી વિકાસ યાત્રા આજે સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી બની છે. 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિસ અને સૌનો પ્રયાસ'ના મંત્ર સાથે ગુજરાતે છેલ્લાં અઢી દાયકાથી અવિરત પ્રગતિ સાધી છે. રાજય સરકારે આધુનિકતા અને આધ્યાત્મિકતાનો સમન્વય સાધીને સેમિકંડકટર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) અને ગ્રીન એનર્જી જેવા ઉભરતા ક્ષેત્રોથી લઈને પ્રાચીન આયુર્વેદિક વિરાસત અને સોમનાથ મંદિરના પુનઃ નિર્માણ જેવા સાંસ્કૃતિક પ્રકલ્પોમાં અભૂતપૂર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યુ હતું કે, ગરીબો, યુવાનો, અન્નદાતા કિસાનો અને નારીશકિત એ વિકસિત ગુજરાતના ચાર મુખ્ય સ્તંભ છે. રાજયમાં સ્ટાર્ટઅપ પોલિસી, ઈન્કયુબેશન સેન્ટરો અને કૌશલ્ય વિકાસ દ્વારા યુવાશકિતને રોજગારના નવા અવસરો પૂરા પાડવામાં આવી રહ્યા છે. કિસાનોને દિવસે વીજળી, પર્યાપ્ત પાણી અને ઈ–નામ જેવી ડિજિટલ સુવિધાઓથી સશકત કરાયા છે. આ ઉપરાંત, મહિલા સશકિતકરણને વેગ આપીને અર્થતંત્રમાં નારીશકિતની ભાગીદારી ઉત્તરોત્તર વધારવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. પર્યાવરણ સંરક્ષણ માટે ' એક પેડ મા કે નામ' અને 'મિશન લાઈફ' જેવા અભિયાનો દ્વારા ગુજરાત ગ્રીન ગ્રોથ તરફ અગ્રેસર છે.

મુખ્યમંત્રીએ રાજયના સંતુલિત વિકાસનો રોડમેપ રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'વોકલ ફોર લોકલ' અને 'લોકલ ટુ ગ્લોબલ'ના ધ્યેય સાથે યોજાયેલી ચાર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ થકી રાજયમાં રૂા. ૧૫.૮૯ લાખ કરોડના ૧૩,૨૫૫ એમઓયુ સંપન્ન થયા છે, જે એમએસએમઈ અને પરંપરાગત ઉદ્યોગો સહિત નવા સેકટર્સને નવી ઊર્જા પૂરી પાડશે. ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો ધરાવતું ગુજરાત દેશના કુલ કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકાથી વધુ યોગદાન આપીને બ્લૂ ઈકોનોમીનું નેતૃત્વ કરી રહ્યું છે. આધુનિક ફિશિંગ હાર્બર અને કોલ્ડ ચેઈન સિસ્ટમથી માછીમારો સમૃદ્ધ બન્યા છે. છેવાડાના નાગરિકો સુધી કલ્યાણકારી સુવિધાઓ પહોંચાડવાના સંકલ્પ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાખો પરિવારોને પાકા મકાન તેમજ નવી મેડિકલ કોલેજો, તાલુકા સ્તરે ડાયાલિસિસ અને કેન્સર ડે–કેર સેન્ટરો થકી વિનામૂલ્યે શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

રાજયના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાની જન્મભૂમિ અમરેલીના આંગણે આ પાવન પર્વની ઉજવણી થઈ રહી હોવાનો આનંદ વ્યકત કરતા મુખ્યમંત્રીએ આઝાદીની લડતમાં પોતાના ત્યાગ, તપસ્યા અને અદમ્ય રાષ્ટ્રભકિત દ્વારા માતૃભૂમિને મુકત કરાવનારા તમામ નામી–અનામી સ્વતંત્રતા સેનાનીઓ તથા અમર શહીદોને આ તકે ભાવસભર વંદન કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીની પ્રેરણાથી બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય રચિત અમર રાષ્ટ્રગીત ' વંદે માતરમ'ના ૧૫૦ વર્ષની ઉજવણી દેશભરમાં ઉત્સાહભેર થઈ રહી છે. આ ગીતે આઝાદીના આંદોલનને નવી ચેતના પૂરી પાડી પ્રત્યેક નાગરિકમાં રાષ્ટ્રભકિતનો જુવાળ જગાડયો હતો. આ પવિત્ર વિરાસતને જાળવીને ભારત આજે પ્રધાનમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુલામીની માનસિકતામાંથી મુકત થઈ 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્ય તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'હાઉસિંગ ફોર ઓલ'ના સંકલ્પને સાકાર કરવા રાજય સરકારે ગ્રામીણ વિસ્તારોમાં રહેણાંક આવાસ પૂરા પાડવા અંગેના મહત્વપૂર્ણ નિર્ણય વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે ગ્રામીણ વિસ્તારોમાં વસતા પાત્રતા ધરાવતા કુટુંબોની વધતી વસતી અને આવાસની જરૂરિયાતોને ધ્યાને રાખીને, જો ગ્રામ પંચાયત પાસે ગામતળ, સરકારી પડતર કે ખરાબાની પૂરતી જમીન ઉપલબ્ધ નહીં હોય તો રાજય સરકાર ખાનગી જમીન ખરીદીને પણ પાત્ર પરિવારોને વિનામૂલ્યે પ્લોટ ફાળવશે.

નાગરિકોને સુરક્ષિત, સુવિધા સભર અને ગુણવત્તાયુકત રોડ નેટવર્ક ઉપલબ્ધ કરાવવાની પ્રાથમિકતા સાથે માર્ગ અને મકાન વિભાગ હેઠળના રાજયના જુદા જુદા ૨૧૪ રસ્તાઓના ૨૧૦ કિલોમીટરના નવીનીકરણ અને સુધારણા માટે રૂા. ૩,૪૨૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

રાજયની આંગણવાડીઓમાં આવતા ૩ થી ૬ વર્ષના ૧૬.૭૫ લાખથી વધુ બાળકો માટે એક અગત્યની જાહેરાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ બાળકોને વર્ષમાં ૩૦૦ દિવસ અપાતા પૂરક પોષણ રૂપે અપાતા ગરમ નાસ્તા માટે સ્થાનિક બજારમાંથી ખરીદીના દરમાં ૬૭ ટકાનો જંગી વધારો કરવામાં આવ્યો છે. અગાઉ સ્થાનિક ખરીદી માટે દરરોજ બાળક દીઠ અપાતા રૂા. ૫.૧૦ના બદલે હવે પ્રતિ બાળક રૂા. ૮.૫૦ આપવામાં આવશે. આ બાળ કલ્યાણકારી નિર્ણયના અમલ માટે રાજય સરકાર દ્વારા રૂા. ૧૬૯ કરોડની વધારાની ફાળવણી કરવામાં આવી છે.

ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ઈચ્છતા રાજયના યુવાનોને આર્થિક મુશ્કેલી ન પડે તે હેતુથી ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અપાતી વિદેશ અભ્યાસ લોન યોજનામાં કૌટુંબિક વાર્ષિક આવક મર્યાદા રૂા. ૬ લાખથી વધારીને રૂા. ૧૦ લાખ કરવામાં આવી છે. આ નિર્ણયથી બિનઅનામત વર્ગના વધુ યુવાનોને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાની ઉત્તમ તકો પ્રાપ્ત થશે.

ઉદ્યોગ–વેપાર ક્ષેત્રે ' વિરાસત સાથે વિકાસ'ની નેમ દોહરાવતાં તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના સક્ષમ નેતૃત્વ અને સફળ પ્રયાસોથી ગુજરાતને 'કોમનવેલ્થ ગેમ્સ–૨૦૩૦'ની ઐતિહાસિક યજમાનીનું ગૌરવ મળ્યું છે. જે ગુજરાતની આયોજન ક્ષમતા અને વૈકિ સ્વીકૃતિ દર્શાવે છે. આ વૈકિ રમતોત્સવ ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, અતિથિ સત્કાર પરંપરા અને આયોજન ક્ષમતાનો વિના નકશા પર ડંકો વગાડશે અને 'વિકસિત ગુજરાત ૨૦૪૭' તરફની રાજયની વિકાસયાત્રાને વધુ તેજ ગતિ આપશે.

આ તકે તેમણે વર્ષ ૨૦૩૫માં રાજયની સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણી અને 'વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત ૨૦૪૭'ના લક્ષ્ય સાથે રાષ્ટ્ર પ્રથમના ભાવથી રાજયની ગૌરવમય વિકાસગાથા આગળ ધપાવવા સૌ નાગરિકોને આહ્વાન કર્યુ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મુખ્યમંત્રીએ ધ્વજ ફરકાવ્યો ત્યારે આકાશમાંથી હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા, પોલીસ બેન્ડની કર્ણપ્રિય સુરાવલી અને હર્ષ નાદથી સમગ્ર પરેડ ગ્રાઉન્ડનું વાતાવરણ દેશભકિતના રંગે રંગાઈ ગયું હતું. રાજયકક્ષાની ઉજવણીના ભાગરૂપે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે દેશપ્રેમથી ભરપૂર વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરાઈ હતી. વિદ્યાસભાના વિદ્યાર્થીઓ દ્વારા અમરેલીના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા અને ગૌરવને ઉજાગર કરતી 'મારૂં અમરેલી' થીમ આધારિત મનમોહક સાંસ્કૃતિક કૃતિ રજૂ કરવામાં આવી હતી. જયારે શ્રી શકિત સેવા કેન્દ્ર, અંબાજી દ્વારા ગુજરાતનું પ્રથમ આદિજાતિ બાલિકાઓનું બેગપાઈપર બેન્ડની પ્રસ્તુતિ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

કાર્યક્રમમાં પોલીસ જવાનો દ્વારા યોગ નિદર્શન, નારી શકિત સાંસ્કૃતિક કાર્યક્રમ, મહિલા રાયફલ ડ્રીલ, મોટર સાયકલ સ્ટંટ શો, ડોગ શો અને અ શો રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસ જવાનોની શિસ્ત, સાહસ, કૌશલ્ય અને તાલીમનું પ્રત્યક્ષ નિદર્શન કરાવતા આ કાર્યક્રમોએ ઉપસ્થિત જનમેદનીમાં જબરદસ્ત રોમાંચ અને ઉત્સાહ જગાવ્યો હતો. ઉપસ્થિત બાળકો અને નાગરિકોએ તાળીઓ અને હર્ષનાદથી આ પ્રસ્તુતિઓને વધાવી લીધી હતી.

કાર્યક્રમના અંતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખુલ્લી જીપમાં પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું. આ સમયે બહોળી સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીએ પણ હર્ષભેર મુખ્યમંત્રીનું અભિવાદન કર્યુ હતું. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના સમાપન પ્રસંગે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રીના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા અને ગોવિંદભાઈ ધોળકિયા, ધારાસભ્ય સર્વે મહેશભાઈ કસવાલા અને જનકભાઈ તળાવીયા સહિતના પદાધિકારીઓ–અગ્રણીઓ, રાજયના મુખ્ય સચિવ મનોજકુમાર દાસ, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્મા, ગૃહ વિભાગ અગ્રસચિવ સંજીવકુમાર, પોલીસ મહાનિર્દેશક જી.એસ. મલિક, માર્ગ અને મકાન વિભાગના સચિવ પી.આર. પટેલિયા, જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમાર, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ કમિશનર યોગેશ નિરગુડે, ભાવનગર રેન્જ આઈજી આર.વી. અંસારી, જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી એચ.જે. પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિતના વરિષ્ઠ અધિકારીઓ, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું 'વંદે ભારત' ટ્રેનનો પ્રારંભ

બનાવી ચૂકયો છે. સનેડા ઉદ્યોગને પ્રોત્સાહન આપવા રાજય સરકાર દ્વારા રૂા. ૭૫,૦૦૦ સુધીની સબસિડી આપવામાં આવી છે. અમરેલીના શેડુભાર ખાતે નવી જી.આઈ.ડી.સી.ની મંજૂરી સહિતના વિકાસકાર્યો થકી અમરેલી જિલ્લો 'વિકસિત અમરેલી' બનવા તરફ આગળ વધી રહ્યો છે.

સાંસદ ભરતભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાને વંદે ભારત એકસપ્રેસનું સ્ટોપેજ મળતા કેન્દ્ર સરકારનો આભાર વ્યકત કર્યો હતો. આગામી દિવસોમાં વેરાવળ –હરિદ્વાર ટ્રેનને પણ વડિયા, ચિતલ અને લાઠી ખાતે સ્ટોપેજ મળે તે માટે રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત અમરેલી–ધારી બ્રોડગેજ રેલવે રૂપાંતરણ માટે પણ કેન્દ્ર સરકાર સમક્ષ સકારાત્મક ચર્ચા થઈ હોવાનું તેમણે જણાવ્યું હતું.

વંદે ભારત એકસપ્રેસ ટ્રેનનું વેરાવળ તરફ જવા માટે સવારે ૯:૪૩ કલાકે અને સાબરમતી તરફ જવા માટે સાંજે ૬:૦૩ કલાકે ચિતલ રેલવે સ્ટેશન ખાતે આગમન થશે. ચિતલ ખાતે સ્ટોપેજ મળતા અમરેલી જિલ્લા સહિત આસપાસના વિસ્તારના નાગરિકોને ઝડપી અને આધુનિક રેલવે મુસાફરીની સુવિધાનો લાભ મળશે.

આ પ્રસંગે લીલીયા–સાવરકુંડલા મતવિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી–બાબરા મતવિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ મહાવીરબાપુ, જિલ્લા પંચાયતના સભ્ય વિલાસબહેન દેસાઈ, અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબહેન માંગરોળિયા, તાલુકા પંચાયતના સભ્યો, ચિતલ ગ્રામ પંચાયતના સભ્યો, સરપંચો તથા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચિતલ ખાતે વંદે ભારત એકસપ્રેસના સ્ટોપેજને પગલે સ્થાનિક નાગરિકો અને મુસાફરોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં ખાનગી લકઝરી બસ

એ.ટી. ૫૫૮૮ નંબરની ખાનગી બસ સાવરકુંડલા ગામે જૂના બસ સ્ટેન્ડ નજીકના વળાંક પરથી પસાર થઈ રહી હતી ત્યારે વરસાદના કારણે રસ્તો લપસણો હોવાના કારણે બસના ચાલક દ્વારા ગોળાઈમાં વળાંક ન કપાતા બસ રસ્તાની બાજુ આવેલી દુકાનો તરફ ધસી ગઈ હતી.

આ ખાનગી બસ ધડાકાભેર બે જેટલી દુકાનો સાથે અથડાતા દુકાનોના શટર અને બોર્ડને નુકસાન પહોંચ્યું હતું. જયારે ખાનગી બસના આગળના ભાગને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત વહેલી સવારે સર્જાતા તે સમયે દુકાનો બંધ હોવાના કારણે મોટી જાનહાનિ ટળી હતી. બસમાં સવાર મુસાફરો અંગે પણ કોઈ જાનહાનિ થયાના અહેવાલ નથી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

વરસાદના કારણે બસનો વળાંક ન કપાતા અકસ્માત સર્જાયો હોવાની પ્રાથમિક ચર્ચા થઈ રહી છે, જોકે અકસ્માતનું ચોક્કસ કારણ શું હતું તે તપાસનો વિષય બન્યો છે. અકસ્માત અંગે સત્તાવાર તપાસ બાદ જ હકીકત બહાર આવશે.

સદ્નસીબે વહેલી સવારે અકસ્માત સર્જાતા બે દુકાનોને નુકસાન થયું, પરંતુ મોટી જાનહાનિ ટળી જતા સૌએ હાશકારો અનુભવ્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં વોર્ડ નં. ૩માં

ઉમેશભાઈ રાઠોડે નગરપાલિકા તંત્રને તાત્કાલિક ધોરણે સ્થળ તપાસ કરી વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવા માંગ કરી છે. જો આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો સ્થાનિક રહીશો સાથે મળીને નગરપાલિકા કચેરીનો ઘેરાવ કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

હવે જોવાનું એ રહ્યું કે સ્થાનિકોની વારંવારની રજૂઆતો બાદ નગરપાલિકા તંત્ર કયારે જાગે છે અને વોર્ડ નં. ૩ના રહીશોને વરસાદી પાણીની સમસ્યામાંથી કયારે કાયમી રાહત મળે છે.

## પાના ૮ ઉપરનું ચાલું લાઠી 'વંદે ભારત' ટ્રેનની સુવિધાથી

નિહાળી શકયા હતા.

લાઠી તાલુકો રાજકીય રીતે પણ મહત્વ ધરાવે છે. સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય જનક તળાવિયા તેમજ રાજયસભાના સાંસદ ગોવિંદ ધોળકિયાના વતન વિસ્તારમાં આવેલા લાઠી રેલવે સ્ટેશનને વંદે ભારતનો સ્ટોપ ન મળતા સ્થાનિકોમાં રોષ અને નારાજગી જોવા મળી હતી.

સ્થાનિકોએ હૈયાવરાળ ઠાલવતા જણાવ્યું હતું કે, લાઠી વિસ્તારના વિકાસ અને રેલવે સુવિધાઓને વેગ મળે તે માટે લાઠી રેલવે સ્ટેશન પર વંદે ભારત જેવી મહત્વની ટ્રેનનો સ્ટોપ મળવો જરૂરી છે. સ્ટોપ મળે તો લાઠી ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના મુસાફરોને પણ મોટી સુવિધા મળી શકે તેમ છે.

વંદે ભારત ટ્રેન લાઠી સ્ટેશન પર ઊભી ન રહેતા સ્વાગત માટે કરાયેલી તૈયારીઓ પણ જાણે અધૂરી રહી ગઈ હતી અને સ્થાનિકોમાં 'સ્ટોપ કયારે મળશે ?' તેવો સવાલ ઉઠયો છે.

## એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ અરજી નં. ૧૯૦/૨૦૨૬

**અરજદાર :** શ્રી અશ્વિનભાઈ સોમાભાઈ માધડ
સરનામું : રહે. દેવભૂમિ દેવળીયા, તા.જિ.અમરેલી.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ – તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.દેવભૂમિ દેવળીયા, તા./જિ.અમરેલી.

–: જાહેર નોટીસ :–

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવભૂમિ દેવળીયા ગામમાં અરજદારશ્રી **અશ્વિનભાઈ સોમાભાઈ માધડ** એ તેઓની પોતાની **જન્મ (તા.૦૧/૦૧/૧૯૮૨)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૨૮–૦૭–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત

# રાજુલામાં પોલીસે કારીગરના ખિસ્સામાંથી ખોવાયેલ સોનાની બુટી પરત અપાવી

## કારીગરે પોલીસ ટીમનો આભાર માન્યો



અમરેલી, તા. ૧૭

રાજુલા ગામે વોરાવાડમાં રહેતા અજીજભાઈ સિરાજભાઈ મલ્લીક જેઓ બંગાળી કારીગર હોય અને તેઓ રાજુલાના વેપારીઓને મજુરીથી સોના ચાંદીના દાગીના બનાવી આપતા હોય જે પૈકી રાજુલાના એક વેપારીએ તેમને સોનાની બુટી નંગ–૨ બનાવવા ઓર્ડર આપેલ હતી. જે સોનાની બુટી તૈયાર થઈ જતાં અરજદાર વેપારીને ડીલીવરી કરવાં માટે તેઓની દુકાને જતા હતા તે દરમ્યાન તેમના ખિસ્સામાંથી સોનાની બુટી નંગ–૨ ભરેલ નાનુ બોકસ રાખેલ તે બોકસ કયાંક પડી ગયેલ હતુ. અને તેઓએ તેમની રીતે શોધતા મળેલ ન હોય જેથી તેઓએ રાજુલા પોલીસને જાણ કરેલ હતી.

જે અનુસંધાને રાજુલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલિસ સ્ટેશનના પોલિસ ઈન્સ. વી.એમ.કોલાદરાની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટાફને બનાવ સમયના સીસીટીવી ચેક કરવા અને અરજદારના ખોવાયેલ સોનાના દાગીના પરત અપાવવાં માર્ગદર્શન આપેલ હોય, જે આધારે રાજુલા ટાઉન બીટ ઈન્ચાર્જ બી.એમ.વાળા તથા પો.કોન્સ અમીતભાઈ તુળસીભાઈ મકવાણા તથા પોલીસ સ્ટાફે રાજુલા ટાઉન વિસ્તારમાં જઈ પુછપુરછ કરી અલગ અલગ જગ્યાના સી.સી.ટી.વી ફુટેઝ તેમજ હ્યુમન સ્ત્રોત ઉભા કરી માહિતી મેળવતા એક અજાણી ભિક્ષુક મહીલા આ પડી ગયેલ દાગીના નીચે નમીને લેતી જણાઈ આવેલ હતી.

જેથી રાજુલા શહેરમાં ભિક્ષાવૃતિ કરતાં લોકોને અજાણી ભિક્ષુક મહીલા બાબતે પુછપુરછ કરતાં જણાઈ આવેલ કે, આ અજાણી ભિક્ષુક મહીલા રાજુલામાં રહેતી ના હોય અને રાજુલામાં પહેલીવાર આવેલ છે. તેમ જણાવતા હોય જેથી હ્યુમન સ્ત્રોત ઉભા કરી તે અજાણી ભિક્ષુક મહીલાને રાજુલા ગ્રામ્ય વિસ્તારમાંથી શોધી મહીલાની પુછપુરછ કરતાં તેઓએ જણાવેલ કે, તેઓને એક બુટી ભરેલ નાનુ બોકસ મળેલ છે પરંતુ તેઓને આ બુટી સાચી છે કે ખોટી તેની ખબરનથી પરંતુ તેને બોકસ રસ્તામાં પડેલ મળેલ હોવાથી પોતાની પાસે રાખેલ હોવાનું જણાવેલ હતું. જેથી બોકસમાં રહેલ સોનાની બુટી નંગ–૨ કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦ અજીજભાઈ સિરાજ ભાઈની હોવાની ખરાઈ કરી મુળ માલીકને પરત સોંપી ''તેરા તુજકો અર્પણ'' સુત્રને સાર્થક કરવામાં આવેલ છે.

### મુસાફર વર્ગમાં ખુશીનો માહોલ

# ગુડ ન્યુઝ : સાવરકુંડલા–લીલીયા–સુરત વચ્ચે સ્લીપર એસ.ટી. બસનો પ્રારંભ

## પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા



લીલીયા, તા. ૧૭

લીલીયા તાલુકા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરિકોની લાંબા સમયની માંગણી સંતોષતા, સાવરકુંડલા–લીલીયા–અમરેલી થી સુરત રૂટની નવી સ્લીપર એસ.ટી. બસ સેવાનો ભવ્ય શુભારંભ લીલીયા મોટા ખાતે થી ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વરદ્ હસ્તે અને સાવરકુંડલા ડેપો મેનેજર વિમલ નથવાણી ના વરદ હસ્તે તેમજ જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણીની અને અનેક કાર્યકરો ની વિશેષ ઉપસ્થિતિ માં બસને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવવામાં આવી હતી જયારે આ બસ સાવરકુંડલા થી રાત્રી ના ૮: ૩૦ કલાકે ઉપડશે જે વાયા લીલીયા,અમરેલી થી લાઠી, ઢસા,ગઢડા,બોટાદ, સાળંગપુર, ધંધુકા, વડોદરા, ભરૂચ, અંકલેશ્વર થઈને સુરત પહોચશે જયારે સુરતથી આ બસ સેવા રિટર્ન આવવા માટે રાત્રિ ના ૯:૩૦ કલાકે આ બસ સેવા મળશે આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, 'લીલીયા અને આજુબાજુના વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં લોકો વેપાર, રોજગાર અને અન્ય કામકાજ અર્થે સુરત અવરજવર કરતા હોય છે. આ નવી સ્લીપર એસ.ટી. બસ સેવા શરૂ થવાથી રત્ન કલાકારો, વેપારીઓ અને સામાન્ય જનતા માટે સુરત સુધીની મુસાફરી વધુ સરળ, આરામદાયક અને સુવિધાજનક બની રહેશે. આ બસ સેવા નો શુભારંભ થતા સ્થાનિક આગેવાનો દ્વારા ધારાસભ્ય અને એસ.ટી વિભાગનો આભાર વ્યક્ત કર્યો હતો અને પેંડા વેચી મો મીઠું કરાવી ખુશી વ્યક્ત કરવા માં આવેલ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### રાજય ઉર્જામંત્રી કૌશિક વેકરિયા, સાંસદ સુતરીયા અને પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની ઉપસ્થિતિમાં

# અમરેલી નાગરિક સહકારી બેન્ક લી. ની ૬૨મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન : રૂપિયા ૨૪૧.૯૭ લાખનો નફો કર્યો

## બેન્કની ડીપોઝીટ રૂપિયા ૨૧૪૦૨.૭૧ લાખ અને રૂપિયા ૧૨૩૮૫.૭૬ લાખનું ધિરાણ



અમરેલી, તા. ૧૭

અમરેલી નાગરિક સહકારી બેંક લી. ની ૬૨મી વાર્ષિક સાધારણ સભામાં ગુજરાત રાજયના કાયદો અને ન્યાયતંત્ર, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિજ્ઞાનિક અને સંસદીય ખાતાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, બેંકના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, બેંકના ચેરમેન વનરાજભાઈ પટેલ, વાઈસ ચેરમેન કમલેશભાઈ ગરણીયા, ડિરેકટરઓ તથા આમંત્રીત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત બેંકના મેનેજીંગ ડિરેકટર/સીઈઓ દિલીપ ધોરાજીયા તથા મેનેજર સંજય રાજપરાએ કરેલ.

સ્વાગત પ્રવચન બેંકના મેનેજર સંજય રાજપરાએ કરેલ તેમજ વાર્ષિક સાધારણ સભાનું સંચાલન બેંકના મેનેજીંગ ડિરેકટર/સીઈઓ દિલીપ ધોરાજીયાએ કરેલ.

બેંકની ગત વર્ષની પ્રગતિનો અહેવાલ બેંકના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ આપેલ. ગત વર્ષ તારીખ ૩૧/૩/૨૦૨૫ના રોજ બેંકની કુલ થાપણો ૧૯૧૦૪.૭૪ લાખ હતી જેમાં વર્ષ દરમ્યાન ૨૨૯૭.૯૭ લાખનો વધારો થતા તારીખ ૩૧/૩/૨૦૨૬ના રોજ કુલ થાપણ ૨૨૧૪૦૨.૭૧ લાખ થવા પામેલ છે. જેમાં ઓછા વ્યાજદરની થાપણો એટલે કે લો–કોસ્ટ ડિપોઝીટ જેવી કે સેવિંગ, કન્ટ તથા ડેઈલી રીકરીંગ તારીખ ૩૧/૩/૨૦૨૫ ના રોજ ૫૯૨૬૩૧ લાખ હતી. જેમાં વર્ષ દરમ્યાન ૪૭૦.૪૫ લાખનો વધારો થતા લો–કોસ્ટ ડિપોઝીટ તારીખ ૩૧/૩/૨૦૨૬ના રોજ ૬૩૯૬.૭૬ લાખ થવા પામેલ છે. તેમજ લો–કોસ્ટ ડિપોઝીટના ખાતાઓ તારીખ ૩૧/૩/૨૦૨૫ના રોજ ૨૪૧૯૫ હતી જેમાં વર્ષ દરમ્યાન ૮૧૯ના ખાતાનો વધારો થતા તારીખ ૩૧/૩/૨૦૨૬ના રોજ ૨૫૦૧૪ ખાતા થવા પામેલ છે. આમ બેંકની લો–કોસ્ટ ડિપોઝીટમાં વર્ષ દરમ્યાન ૨૯.૮૯% નો વધારો થયેલ છે.

બેંકનું ધિરાણ તારીખ ૩૧/૩/૨૦૨૫ના રોજ ૧૦૮૦૨.૫૬ લાખ હતુ જેમા વર્ષ દરમ્યાન ૧૫૮૩.૨૦ લાખનો વધારો થતા તારીખ ૩૧/૩/૨૦૨૬ના રોજ કુલ ૧૨૩૮૫.૭૬ લાખ ધિરાણ થયેલ છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા અર્બન કો–ઓપરેટીવ બેંકો માટે CRAR (Capital Fund and Risk Assets Ratio) ન્યુનતમ ૧૨% નક્કી કરવામાં આવેલ છે. જેનાથી વધુ રાખવામાં આવે તો તે બેંકની સધ્ધરતા વધારે છે તેમ નક્કી થાય. આપણી બેંકનો તારીખ ૩૧/૩/૨૦૨૬ની સ્થિતીએ CRAR ૨૯.૩૦% છે. તેમજ ચાલુ વર્ષે બેંકે ઈન્કમટેક્ષ પ્રોવીઝન પહેલાનો નફો ૨૪૧.૯૭ લાખ કરેલ છે. બેંકે રિકવરી પર પુરતું ધ્યાન આપી બેંકની નફાની પરિસ્થિતી જાળવી રાખી બેંકે તમામ પાસા પર પ્રગતિ કરેલ છે. બેંકનું ધ્યેય ઉત્તમ ગ્રાહક સેવાનું રહ્યું છે.

બેંકના પુર્વ ચેરમેન પી. પી. સોજીત્રાની દેખરેખ નીચે બેંકનાં રીકવરી ઓફિસર અજયભાઈ નાકરાણી અને તેમની ટીમે સતત ૨૪માં વર્ષે પણ બેંકનું નેટ એન.પી.એ. ૦% અને ગ્રોસ એન.પી.એ. ૨.૭૩% જાળવેલ છે.

બેંક દ્વારા ICIC Bank Ltdની સાથે ટાઈઅપ કરી RuPay પ્લેટફોર્મ દ્વારા ATM Cum Debit Cardની સેવા ચાલુ છે. બેંકનું ATM કાર્ડ ભારતભરનાં ATM સેન્ટર ખાતે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના વખતો વખતના નિયમોનુસાર માન્ય છે. ઉપરાંત આ RuPay ATM cum Debit Card દ્વારા મોલ, પેટ્રોલપંપ, દુકાનો જેવા વેચાણ કેન્દ્રો ઉપરથી પોઈન્ટ ઓફ સેલ (પોસ) મશીન પર સ્વાઈપ કરી ખરીદી કરી શકાય છે. વધુમાં બેંક દ્વારા મોબાઈલ બેંકીંગ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન RTGS, NEFT, IMPS, BANL (Benificiary Lookup Facility) ની સેવા કાર્યરત છે. આગામી સમયમાં બેંકના કરન્ટ તેમજ કેશ ક્રેડીટ ખાતામાં યુપીઆઈથી પેમેન્ટ જમા લેવા માટે ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેંક સાથે ટાઈઅપ કરી QR Code વાળુ સાઉન્ડ બોક્ષની સવલત ઉપલબ્ધ થશે. તેમજ એસ.એમ.એસ./મીસ્ડ કોલની સુવિધા, અદ્યતન અને અપડેટેડ વેબસાઈટ, ઈલેકટ્રોનિક ફંડટ્રાન્સફર, ફિકસ ડિપોઝીટ ઓટો રીન્યુઅલ, કવીક સ્ટેટમેન્ટ ઈ–મેઈલ દ્વારા મેળવવાની સુવિધા વગેરે જેવી સેવાઓ પુરી પાડવામાં આવે છે તેમજ ઈ–કોમર્સ સેવા જેવી કે (UPI, Google Pay), IMPS, ઈન્ટરનેટ બેકીંગ જેવી આધુનિક સેવાઓ કાર્યરત કરવામાં આવેલ છે.

બેંકના ગ્રાહકોની સુરક્ષા માટે રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા તરફથી આપેલ માર્ગદર્શન મુજબ ઓનલાઈન કરવામાં આવતા વ્યવહારો જેવા કે IMPS, UPIના ફ્રોડ થયાની ગ્રાહકને જાણ થાય તો તાત્કાલીક ગ્રાહક પોતાનું ખાતુ ફ્રીજ કરાવી શકશે તે માટે ગ્રાહકના રજીસ્ટર્ડ મોબાઈલ ઉપરથી Stopac (ખાતા નંબરના છેલ્લા છ આંકડા) લખી ૯૦૯૩૧ ૫૧૫૧૫ ઉપર એસએમએસ મોકલવાથી થઈ જશે જે સેવાનો લાભ લેવા માટે અનુરોધ છે.

બેંક ઉપર છેલ્લા ૬૧ વર્ષથી જે સભાસદો, વેપારીઓ, ડિપોઝીટરો, ખેડૂતોએ વિશ્વાસ મુકેલ છે તે વિશ્વાસ બેંકે સતત જાળવી રાખેલ છે.

અમરેલી નાગરિક સહકારી બેંક લી. માત્ર બેંકીંગ કામકાજ કરતી બેંક નહીં બનતા જાહેર જનતાને ઉપયોગી બેંક બની છે અને બેંકની ટીમ સમાજ પ્રત્યે કંઈક કરી છૂટવાની ભાવના દર્શાવે છે. આ ભગીરથ કાર્ય માટે બેંકના ચેરમેન વનરાજભાઈ પટેલ, વાઈસ ચેરમેન કમલેશભાઈ ગરણીયા, બેંકના પુર્વ ચેરમેન પી.પી. સોજીત્રા તેમજ સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટરઓ અને બેંકના મેનેજીંગ ડિરેકટર/સીઈઓ દિલીપ ધોરાજીયા, મેનેજર સંજય રાજપરા, રીકવરી ઓફિસર અજય નાકરાણી તથા સમગ્ર સ્ટાફની કાર્યક્ષમ કામગીરીને આભારી છે.

### ભારે વરસાદ બાદ ઠેકઠેકાણે પાણીનો ભરાવો થયો હોય

# સાવરકુંડલાનાં છાપરી ગામે વરસાદી પાણી ભરેલ ખાડામાં ન્હાવા પડેલ તરૂણનું મોત નિપજયુ

## નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ ઉભો કરતી ઘટના

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં ચોમાસા દરમિયાન ભારે વરસાદના પગલે અનેક નદી–નાળા અને ચેકડેમો સહિતના જળાશયો છલકાઈ રહ્યા છે. આવા સ્થળોએ ન્હાવા જતા લોકો અકસ્માતે ડૂબી જવાના બનાવો છાસવારે બની રહ્યા છે. ત્યારે સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે વરસાદી પાણીથી ભરાયેલા ખાડામાં ન્હાવા પડેલા ૧૭ વર્ષીય સગીરનું ડૂબી જવાથી કરૂણ મોત નિપજયું હતું.



આ બનાવમાં સુત્રોમાંથી મળતી વિગત મુજબ સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે રહેતા સાહિલ રૂસ્તમભાઈ ઊનડ નામનો ૧૭ વર્ષીય સગીર આજે સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે વરસાદી પાણીથી ભરાયેલા ખાડામાં ન્હાવા પડયો હતો. દરમિયાન અકસ્માતે પાણીમાં ડૂબી જતાં તેને તાત્કાલિક પાણીમાંથી બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વીજપડી ખાતે ખસેડવામાં આવ્યો હતો.

ત્યારબાદ તરૂણને વધુ સારવાર અને જરૂરી કાર્યવાહી માટે સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો, જયાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક સગીરના મૃતદેહને પીએમ અર્થે સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

ચોમાસા દરમિયાન નદી–નાળા, ચેકડેમ અને વરસાદી પાણીથી ભરાયેલા ખાડાઓમાં પાણીનું ઊંડાણ અને પ્રવાહ જોખમી બનતો હોવાથી ન્હાવા જતાં સાવચેતી રાખવી જરૂરી છે. આ બનાવને પગલે સગીરના પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

# અમરેલીમાં સ્વાતંત્ર્ય પર્વે સાંસ્કૃતિક કૃતિઓ અને પોલીસ દળનાં સાહસ–શૌર્યનો અદ્‌ભુત સંગમ





અમરેલી ખાતે ૧૫મી ઓગસ્ટનાં અવસરે પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ સમારોહ દરમિયાન દેશભક્તિસભર સાંસ્કૃતિક કૃતિઓ અને પોલીસ દળ નાં શૌર્યપૂર્ણ પ્રદર્શનોની પ્રસ્તુતિનો અદ્ભુત સંગમ જોવા મળ્યો હતો. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમે ઉપસ્થિત વિશાળ જનમેદનીમાં અનેરૂં આકર્ષણ ઊભું કર્યું હતું. સમારોહની શરૂઆતમાં વિદ્યાસભાનાં વિદ્યાર્થીઓએ ''મારૂં અમરેલી'' થીમ પર સ્થાનિક અસ્મિતા અને ગૌરવને ઉજાગર કરતી નયન રમ્ય કૃતિ રજૂ કરી હતી. ત્યારબાદ આઝાદીનાં મહાપર્વને સમર્પિત ''સ્વાતંત્ર્ય પર્વ'' થીમ આધારિત મલ્ટી મીડિયા પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ અંબાજીના શક્તિ સેવા કેન્દ્ર દ્વારા પ્રસ્તુત ગુજરાતનું પ્રથમ આદિ જાતિ બાલિકાઓનું બેગપાઈપર બેન્ડ રહ્યું હતું, જયાં આ આદિવાસી દીકરીઓના શિસ્તબદ્ધ વાદન અને અભ્દુત તાલમેલથી સમગ્ર ગ્રાઉન્ડ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠયું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમો બાદ પોલીસ વિભાગ દ્વારા સાહસ અને શૌર્યપૂર્ણ પ્રદર્શનો યોજાયા હતા. જેમાં મહિલા પોલીસ દ્વારા પ્રસ્તુત યોગ નિદર્શને શારીરિક સુદ્રઢતા અને સશક્તિકરણનો સંદેશ આપ્યો હતો. આ સાથે જ મહિલા પોલીસ જવાનોએ અચૂક નિશાનલેવાની ક્ષમતા દર્શાવતી ''મહિલા રાઈફલ ડ્રીલ'' રજૂ કરીને ભારતીય નારીનાં ખમીર, સાહસ અને શક્તિનો બુલંદ પરિચય કરાવ્યો હતો. પોલીસ જવાનો દ્વારા રજૂ કરવામાં આવેલા દિલધડક મોટર સાયકલ સ્ટંટ શોમાં હિંમત, ચોકસાઈ અને સંતુલનનું અદભૂત પ્રદર્શન જોઈ પ્રેક્ષકો અચંબિત થઈ ગયા હતા. તે ઉપરાંત, ડોગ સ્કવોડના તાલીમબદ્ધ શ્વાનો દ્વારા માદક દ્રવ્યો અને ગુનાની શોધખોળની અભ્દુત ક્ષમતા દર્શાવતો ''ડોગ શો'' તેમજ અશ્વ દળ દ્વારા પ્રસ્તુત ''અશ્વ શો'' ના શૌર્યપૂર્ણ અને હેરતઅંગેજ કરતબોએ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ તમામ આયોજનોએ અમરેલીનાં સ્વાતંત્ર્ય પર્વ સમારોહને અવિસ્મરણીય અને ભવ્ય બનાવી દીધો હતો.

અમરેલીનું સૌથી જુનું અને જાણીતું ટેસ્ટટ્યુબ બેબી (IVF) સેન્ટર
:: ઉપલબ્ધ યોજનાઓ ::
આયુષ્માન ભારત યોજના, મેડિક્લેઈમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ, GEB/GETCO ના કર્મચારી તથા તેમના પરિવારને કેશલેસ સારવાર
નોર્મલ તથા સિઝેરીયન ડિલીવરી, ગર્ભાશય (કોથળી) ના ઓપરેશન, વ્યંધત્વની સારવાર, સ્ત્રીરોગોની સારવાર
24/7 Emergency Services
NABH
ડો. ચેતના મુરારકર
MB, DGO (Gynec)
સ્ત્રીરોગ નિષ્ણાંત અને આઈ.વી.એફ. સ્પેશિયાલીસ્ટ
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી–૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

# મોસાળે જમણ અને મા પીરસનારી છતાં પણ પુરતી સુવિધા ન મળી

# દિલ કે અરમાં આંસુઓ મે બહે ગયે : લાઠી 'વંદે ભારત' ટ્રેનની સુવિધાથી વંચિત

**લાઠીનાં જરખીયા ગામનાં ભરત સુતરીયા લોકસભાનાં અને દુધાળાનાં ગોવિંદભાઈ ધોળકીયા રાજયસભાનાં સાંસદ છતાં અન્યાય**

**'વંદે ભારત' ટ્રેનને નિહાળવા માટે ગ્રામજનો રેલ્વે સ્ટેશન ખાતે એકત્ર થયા**

**સત્તા પક્ષનાં આગેવાનોએ નાછુટકે 'વંદે ભારત' ટ્રેન ઉપર ફૂલોનો વરસાદ કરવો પડયો**

**જયાં સૌથી વધુ રાજકીય આગેવાનો હોય તે વિસ્તારને અન્યાય થતો હોવાનું સૌ માની રહ્યું છે**

અમરેલી, તા. ૧૭

લાઠી તાલુકાને વંદે ભારત ટ્રેનનો સ્ટોપ નહીં મળતા લાઠી ગામનાં નિવાસીઓમાં નારાજગી જોવા મળી હતી. લાઠી રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત ટ્રેનને આવકારવા માટે સ્થાનિકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ ટ્રેનનો લાઠી ખાતે સ્ટોપ ન હોવાથી આવકારવાના અરમાનો




અધૂરા રહ્યા હતા.

લાઠી રેલવે સ્ટેશન ખાતે વંદે ભારત ટ્રેનના સ્વાગત માટે સવારથી સ્કૂલના બાળકોને પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. જોકે, ટ્રેન સ્ટેશન પર રોકાયા વિના પસાર થઈ જતા બાળકો સહિત ઉપસ્થિત લોકો માત્ર પસાર થતી વંદે ભારત ટ્રેનને

અનુસંધાન પાના ૬ ઉપર

### ગોળાઈમાં ચાલકે કાબુ ગુમાવી દેતા

# લ્યો બોલો : સાવરકુંડલામાં ખાનગી લકઝરી બસ બે દુકાનમાં ઘુસી જતા અફડાતફડી

**શટર–બોર્ડને નુકસાન : સદ્‌નસીબે જાનહાનિ ટળી**



અમરેલી, તા. ૧૭

સાવરકુંડલા શહેરમાં જૂના બસ સ્ટેન્ડ નજીક આજે વહેલી સવારે અમદાવાદથી સાવરકુંડલા આવી રહેલી ખાનગી બસ નં. જી.જે.–૦૪ એ.ટી.– ૫૫૮૮ નો અકસ્માત સર્જાયો હતો. આ ખાનગી બસ વરસાદના કારણે માર્ગની ગોળાઈમાં વળાંક ન કપાઈ શકતા બે દુકાનો સાથે ધડાકાભેર અથડાઈ હતી. સદ્‌નસીબે અકસ્માત વહેલી સવારે સર્જાયો હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

સાવરકુંડલા શહેરના જૂના બસ સ્ટેન્ડ નજીક આજે વહેલી સવારે અમદાવાદ થી સાવરકુંડલા આવી રહી ત્યારે ખાનગી બસનો અકસ્માત સર્જાતા ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ખાનગી બસ નં. જી.જે.૦૪

અનુસંધાન પાના ૬ ઉપર

### સ્વચ્છતા અને વિકાસનાં દાવા વચ્ચે કડવી વાસ્તવિકતા

# લ્યો બોલો : બાબરાનાં વોર્ડ નં. ૩માં વરસાદી પાણી રહેણાંક મકાનમાં ઘુસી જતાં હોવાની ફરિયાદ ઉભી થઈ

**ઘરવખરીને વ્યાપક નુકસાન થતું હોય પાલિકાના શાસકો આળશ ખંખેરે**


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૭

બાબરા નગરપાલિકાના વોર્ડ નં. ૩માં સામાન્ય વરસાદમાં પણ રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જવાની ગંભીર સમસ્યા સર્જાઈ રહી હોવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી ન હોવાના આક્ષેપો ઉઠયા છે. વોર્ડ નં. ૩માં તાજેતરમાં પડેલા સામાન્ય વરસાદ દરમિયાન અનેક ઘરોમાં પાણી ઘૂસી જતા સ્થાનિક રહીશોમાં ભારે હાલાકી સર્જાઈ હતી. ખાસ કરીને ઘરમાં નાના બાળકો હોય તેવા પરિવારો માટે અડધી રાત્રે ઘરમાં પાણી ભરાઈ જતાં ભારે દોડધામ અને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. સામાન્ય વરસાદમાં જ આવી સ્થિતિ સર્જાતી હોય તો ભારે વરસાદ દરમિયાન શું પરિસ્થિતિ સર્જાશે તે અંગે સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ અગાઉ વરસાદી પાણીના નિકાલ માટેની લાઈન મોટી હતી, પરંતુ બ્લોક નાખવાની કામગીરી દરમિયાન નાની સાઈઝની લાઈન નાખવામાં આવતા પાણીના નિકાલની ક્ષમતા ઘટી ગઈ છે અને તેના કારણે વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જવાની સમસ્યા ઉભી થઈ હોવાનું કહેવાય છે.

આ ગંભીર પ્રશ્ન અંગે છેલ્લા એક મહિનાથી જાગૃત નાગરિક ઉમેશભાઈ રાઠોડ દ્વારા વીડિયો સહિતના પુરાવા સાથે નગરપાલિકા તંત્ર સમક્ષ વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. બીજી તરફ નગરપાલિકા સત્તાધીશો દ્વારા વરસાદ દરમિયાન કોઈને સમસ્યા હોય તો જાણ કરવા માટે અપીલો અને સંદેશાઓ સોશિયલ મીડિયામાં મૂકવામાં આવે છે, પરંતુ વારંવાર રજૂઆત કર્યા બાદ પણ સમસ્યાનો ઉકેલ ન આવતાં તંત્રની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે.

રજૂઆત અંગે તંત્ર તરફથી ટેન્ડર ખુલ્યા નથી, મિટિંગના એજન્ડામાં મુદ્દો લેવો પડશે તેમજ તમારા વોર્ડના સ્થાનિક સભ્યોને જાણ કરો જેવા જવાબો આપવામાં આવતા હોવાનો ઉમેશભાઈ રાઠોડે આક્ષેપ કર્યો છે. ત્યારે એક ગંભીર અને લોકોના ઘર સુધી પાણી પહોંચતા પ્રશ્નના ઉકેલ માટે પણ જો માત્ર ટેન્ડર અને મિટિંગના એજન્ડાની રાહ જોવી પડે તો સામાન્ય નાગરિકોની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ કયારે આવશે તેવો સવાલ સ્થાનિકો કરી રહ્યા છે.

સ્થાનિકોમાં એવો પણ રોષ છે કે સત્તાધારી તંત્ર દ્વારા વિકાસ અને કામગીરીના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ સામાન્ય અને ગરીબ પરિવારોને સીધી અસર કરતી મૂળ ભૂત સમસ્યાઓના નિરાકરણમાં વિલંબ કરવામાં આવી રહ્યો છે.

જાગૃત નાગરિક તરીકે

અનુસંધાન પાના ૬ ઉપર

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

પાર્ટ ટાઈમ
કમ્પ્યુટર ઓપરેટર
જોઈએ છે
પેજમેકર
ફોટોશોપ
કોરલડ્રોનો
અનુભવ જરૂરી
કામનો સમય
સાંજે
૪:૩૦ થી ૧૧:૩૦
અમરેલી એક્સપ્રેસ
જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક પાછળ, અમરેલી

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ४७२९५
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી–૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3 (ice cream/milk/namkeen)
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location :
Amreli, Gujarat.
APPLY NOW

सुश्रुत
આયુર્વેદ હોસ્પિટલ
ડો. દિક્ષીતા ભંડેરી (રીબડીયા) (એમ.એસ.આયુર્વેદ)
હરસ-મસા-ભગંદર તથા પંચકર્મના નિષ્ણાંત
સ્થળ : માણેકપરા, નારી હોસ્પિટલની બાજુમા, અમરેલી
મો. ૭૨૧૧૧ ૨૯૫૯૮

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સએપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)